RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616
ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક
સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

● સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર ● તંત્રી : ડો.ઈલેવાન ઠાકર Year- 19 ● Issue - 314 ● THURSDAY 16-04-2026 ● Price : 0.90/-(Paisa), Annual : 280/- ● Page : 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

વાંચો અંદરના પેજ પર




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજાયું નારીશક્તિ વંદન સંમેલન

વાંચો અંદરના પેજ પર



ગણપત યુનિવર્સિટીના આંગણે ભારે ઉત્સાહભેર ઉજવાયો

## ચીની ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટમાં અમેરિકી નાકાબંધી તોડવામાં નિષ્ફળ

# UAEથી મેથેનોલ લઈને જઈ રહ્યું હતું, અમેરિકી યુદ્ધ જહાજની ચેતવણી પછી યુ-ટર્ન લીધો

## ઈરાનમાં છેલ્લા બે મહિનામાં ૪૨,૦૦૦થી વધુ નિર્દોષ અને નિઃશસ્ત્ર પ્રદર્શનકારીઓની હત્યા થઈ છે

**• વોશિંગ્ટન ડીસી, તા.૧૫**

અમેરિકી પ્રતિબંધોનો સામનો કરી રહેલું ટેન્કર 'રિચ સ્ટારી' બુધવારે ફરીથી અમેરિકી નાકાબંધી તોડવામાં નિષ્ફળ રહ્યું. આ ટેન્કર સંયુક્ત આરબ અમીરાત UAEના હમરિયાહ પોર્ટ પરથી રવાના થયું હતું. ત્યાંથી તેણે અંદાજે ૨.૫ લાખ બેરલ મેથેનોલ લોડ કર્યું હતું.

આ ટેન્કર ખાડીમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યું હતું, પરંતુ હોર્મુઝની આગળ અમેરિકી નાકાબંધીને કારણે તેને પરત ફરવું પડ્યું હતું. આ પહેલા પણ આ ટેન્કરે મંગળવારે હોર્મુઝ પાર કરવાનો પ્રયાસ કર્યો હતો. રોયટર્સના જણાવ્યા અનુસાર, એક અમેરિકી અધિકારીએ માહિતી આપી હતી કે મંગળવારે અમેરિકી યુદ્ધ જહાજે બે ઓઈલ ટેન્કરોને રોકી દીધા હતા, જે ઓમાનની ખાડીમાં સ્થિત ઈરાનના ચાબહાર બંદરથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

'રિચ સ્ટારી' અને તેની માલિકીની કંપની શાંઘાઈ જુઆનરન શિપિંગ કો. પર અમેરિકાએ ૨૦૨૩થી પ્રતિબંધ લાદેલો છે, કારણ કે તેઓ ઈરાન સાથે વેપાર કરી રહ્યા હતા. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફરી એકવાર પોપ લિયો પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે ઈરાનમાં છેલ્લા બે મહિનામાં ૪૨,૦૦૦થી વધુ નિર્દોષ અને નિઃશસ્ત્ર પ્રદર્શનકારીઓની હત્યા થઈ છે. ટ્રમ્પે આ નિવેદન ત્યારે આપ્યું જ્યારે પોપ લિયોએ ઈરાનના મુદ્દે વાતચીત અને શાંતિની અપીલ કરી હતી. ટ્રમ્પે કહ્યું કે અમેરિકા માટે એ બિલકુલ સ્વીકાર્ય નથી કે ઈરાન પરમાણુ બોમ્બ બનાવે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે કોઈ પોપને જણાવે કે ઈરાનમાં આટલા લોકો માર્યા ગયા છે. ઈરાન પાસે પરમાણુ હથિયારો હોવા બિલકુલ મંજૂર નથી. આ પહેલા પણ ટ્રમ્પ પોપની ટીકા કરી ચૂક્યા છે. જ્યારે પોપે કહ્યું કે તેઓ રાજકારણમાં પડવા માંગતા નથી અને ટ્રમ્પ સાથે કોઈ દલીલમાં સામેલ થવા માંગતા નથી. તેમણે કહ્યું કે તેમનો હેતુ ફક્ત શાંતિની વાત કરવાનો છે અને દુનિયામાં યુદ્ધ સમાપ્ત થવું જોઈએ.

પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો વચ્ચે ભારતની ઊર્જા સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ સફળતા મળી છે. મુંબઈની ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપનીનું LPG ટેન્કર 'જગ વિક્રમ' આશરે ૨૦,૪૦૦ મેટ્રિક ટન ગેસનો જથ્થો લઈને સુરક્ષિત રીતે ગુજરાતના કંડલા બંદર પર પહોંચી ગયું છે. વ્યૂહાત્મક રીતે અત્યંત સંવેદનશીલ ગણાતી હોર્મુઝની સામુદ્રધુનીમાં અમેરિકાએ ૧૦,૦૦૦ સૈનિકો ખડકીને કડક નાકાબંધી કરી હોવા છતાં, ભારતનું આ જહાજ સફળતાપૂર્વક પસાર થવામાં સફળ રહ્યું છે.

પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો વચ્ચે ભારતની ઊર્જા સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ સફળતા મળી છે. મુંબઈની ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપનીનું LPG ટેન્કર 'જગ વિક્રમ' આશરે ૨૦,૪૦૦ મેટ્રિક ટન ગેસનો જથ્થો લઈને સુરક્ષિત રીતે ગુજરાતના કંડલા બંદર પર પહોંચી ગયું છે.



## નેશનલ-ઈન્ટરનેશનલ

### કેનેડામાં કાર્નેના હવે ૧૭૪ સભ્યો છેઃ સંસદમાં તેમનું સ્થાન મજબૂત થતાં એક મોટો નિર્ણય લેવામાં આવ્યો

**• ટોરેન્ટો,તા.૧૫**

કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ બહુમતી સરકાર બનાવ્યા પછી ઈંધણ કર સ્થગિત કર્યો. આ નિર્ણય ઈરાન યુદ્ધના પ્રતિભાવમાં લેવામાં આવ્યો હતો, જેના કારણે ઈંધણના ભાવમાં તીવ્ર વધારો થયો છે. ફેડરલ ઈંધણ એક્સાઈઝ ડ્યુટી આગામી સોમવારથી ૭ સપ્ટેમ્બર સુધી સ્થગિત કરવામાં આવશે, જેનાથી ખર્ચમાં ઘટાડો થશે. કાર્નેએ તેને એક જવાબદાર અને કામચલાઉ પગલું ગણાવ્યું જે ટ્રક ડ્રાઈવરો અને વ્યવસાયોને લાભ કરશે. તેમની લિબરલ પાર્ટી હવે હાઉસ ઓફ કોમન્સમાં ૩૪૩ બેઠકોમાંથી ૧૭૪ બેઠકો ધરાવે છે. ગયા વર્ષની ચૂંટણી પછી ખાલી પડેલા ત્રણ જિલ્લાઓમાં વિજયથી તેમને બહુમતી મળી. કેનેડિયન ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે કોઈ સરકાર લઘુમતીમાંથી બહુમતી તરફ ગઈ છે. સોમવારના પરિણામો સાથે, લિબરલ પાર્ટી ૨૦૨૯ સુધી સત્તામાં રહી શકે છે. કાર્ને પોષણક્ષમતા, રહેઠાણ અને આર્થિક પ્રોજેક્ટ્સને વેગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. મતદારોએ તેમની સરકારની યોજનાઓમાં વિશ્વાસ વ્યક્ત કર્યો. ટ્રમ્પના જોડાણની ધમકીઓ પર લોકોના ગુસ્સા પર કાર્ને ગયા વર્ષની ચૂંટણી જીતી હતી. તેમણે યુનાઈટેડ સ્ટેટ્સ પર કેનેડાની નિર્ભરતા ઘટાડવાનું વચન આપ્યું છે. કન્ઝર્વેટિવ પાર્ટીના ચાર સહિત વિરોધી પક્ષોના પાંચ પક્ષપલટાએ લિબરલ પાર્ટીને બહુમતી તરફ દોરી. એક પક્ષપલટાએ દાવોસમાં કાર્નેના વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ભાષણનો ઉલ્લેખ કર્યો.

### મહિલા અનામત પર સંસદનું ખાસ સત્ર આજથી શરૂ!

**• નવીદિલ્હી,તા.૧૫**

મહિલા અનામત અને સીમાંકન સંબંધિત બિલોને ઝડપી બનાવવા માટે, કેન્દ્ર સરકારે ૧૬ એપ્રિલથી ૧૯ એપ્રિલ સુધી સંસદનું ત્રણ દિવસનું સત્ર બોલાવ્યું છે. આ સત્રનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલા અનામત અધિનિયમ, ૨૦૨૩ ના માર્ગમાં આવતા અવરોધોને દૂર કરવાનો છે, જેનાથી મહિલાઓને અનામત મળી શકે અને ૨૦૨૯ ની લોકસભા ચૂંટણી પહેલા તેનો અમલ થઈ શકે. જોકે, સંસદ સત્ર પહેલા જ શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. કોંગ્રેસે આ પગલા પાછળ સરકારના ઈરાદા પર સવાલ ઉઠાવ્યા હતા.

### સ્મૃતિ ઈરાનીએ માતૃશક્તિ ભરોસા કાર્ડ લોન્ચ કર્યું, ૨૩ એપ્રિલે પહેલા તબક્કાનું મતદાન

**• નવી દિલ્હી, તા.૧૫**

ભાજપે બુધવારે પશ્ચિમ બંગાળમાં માતૃશક્તિ ભરોસા કાર્ડ લોન્ચ કર્યું. સરકાર બનવા પર રાજ્યની મહિલાઓને દર મહિને રૂ.૩,૦૦૦ આપવાનું વચન આપવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સુવેન્દુ અધિકારી અને સ્મૃતિ ઈરાની હાજર રહ્યા હતા. બંગાળમાં બે તબક્કામાં મતદાન થશે. પ્રથમ તબક્કાનું મતદાન ૨૩ એપ્રિલે થશે. એક દિવસ પહેલા મંગળવારે પીએમ મોદીએ કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં ભયનું વાતાવરણ છે અને હત્યા, બળાત્કાર અને રમખાણો ચરમસીમાએ પહોંચી ગયા છે. રાજ્યમાં લોકો ખૂબ જ પરેશાન છે.

પીએમએ 'મારો બૂથ સૌથી મજબૂત' કાર્યક્રમ હેઠળ બંગાળના ભાજપ કાર્યકર્તાઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો. આ દરમિયાન તેમણે કહ્યું કે રાજ્યમાં યુવાનો રોજગારને લઈને ચિંતિત છે. સરકારી કર્મચારીઓને પોતાના હક માટે કોર્ટમાં જવું પડી રહ્યું છે.

મમતા બેનર્જીએ પિંગલામાં એક ચૂંટણી રેલીમાં કહ્યું કે ભાજપ બંગાળ પર કબજો કરવા માટે હદ વટાવી રહી છે. આવો ગંદો ખેલ પહેલા ક્યારેય જોયો નથી. લાખો લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે બંગાળના પૈસા રોકી દીધા છે. તેમણે ઈફસ્ ને લઈને પણ સવાલ ઉઠાવતા કહ્યું કે મશીનોની તપાસ કરવામાં આવશે. ગૃહમંત્રી અમિત શાહ આજે દાર્જિલિંગ પહોંચશે. તેઓ અહીં કાલીમ્પોંગ, કર્સિયાંગ, તરાઈ અને ડુઆર્સના લોકોને લેબોંગ સ્થિત ગોરખા સ્ટેડિયમથી સંબોધિત કરશે.

### શ્રી ગુરુ ભૈરવૈક્ય મંદિરનું ઉદ્ઘાટન કર્યું, પૂર્વ વડાપ્રધાન દેવેગૌડા સાથે પુસ્તકનું વિમોચન કરશે

**• બેંગલુરુ, તા.૧૫**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે કર્ણાટકના પ્રવાસે રહેશે. પીએમએ સવારે ૧૧ વાગ્યે મંડ્યા જિલ્લાના શ્રી ક્ષેત્ર આદિચુંચનગિરિમાં શ્રી ગુરુ ભૈરવૈક્ય મંદિરનું ઉદ્ઘાટન કર્યું. થોડીવારમાં તેઓ લોકોને સંબોધિત પણ કરશે. આ ઉપરાંત તેમણે 'સૌંદર્ય લહરી એન્ડ શિવ મહિમ્ન સ્તોત્રમ' નામનું પુસ્તક પણ બહાર પાડ્યું. શ્રી ગુરુ ભૈરવૈક્ય મંદિર, પૂજ્ય સંત ડૉ. બાલગંગાધરનાથ મહાસ્વામીજીની સ્મૃતિમાં બનાવવામાં આવ્યું છે. તેઓ આદિચુંચનગિરિ મહાસંસ્થાન મઠના ૭૧મા પીઠાધીશ્વર હતા. મંદિરને પરંપરાગત દ્રવિડ શૈલીમાં બનાવવામાં આવ્યું છે અને તેને તેમના જીવન અને વારસાને સમર્પિત સ્મારક તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. ડૉ. બાલગંગાધરનાથ મહાસ્વામીજી સામાજિક સેવા માટે દેશભરમાં સન્માનિત રહ્યા. તેમણે અનેક શૈક્ષણિક સંસ્થાઓ અને સ્વાસ્થ્ય સુવિધાઓ સ્થાપિત કરી. તેમનું માનવું હતું કે સમાજની સેવા જ સૌથી મોટી પૂજા છે. તેમની શિક્ષાઓએ જાતિ, ધર્મ અને ક્ષેત્રની સીમાઓથી ઉપર ઉઠીને લાખો લોકોને પ્રેરિત કર્યા. આ મંદિર માત્ર શ્રદ્ધાનું સ્થાન નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે પ્રેરણા કેન્દ્ર તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.

## પંજાબમાં શ્રદ્ધાળુઓથી ભરેલી બસ પલટી, કનાં મોતઃ૧૫ ઘાયલ

**• ફતેહગઢ સાહિબ, તા.૧૫**

ફતેહગઢ સાહિબમાં શ્રદ્ધાળુઓથી ભરેલી બસ પલટી ગઈ. તેમાં ૬ શ્રદ્ધાળુઓના મોત થયા. જ્યારે ૧૫ ઘાયલ થયા. ઘાયલોમાં બાળકોની સાથે મહિલાઓ પણ સામેલ છે. તેમને તરત જ નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. બસમાં ૪૦ શ્રદ્ધાળુઓ સવાર હતા. ઘટના મોડી રાતની છે.

શ્રદ્ધાળુઓ આનંદપુર સાહિબમાં વૈશાખી મેળામાંથી પાછા ફરી રહ્યા હતા. આ દરમિયાન હિંમતપુરા ગામ પાસે બસમાં ટેકનિકલ ખામી સર્જાઈ. ત્યારબાદ બસ અનિયંત્રિત થઈને વીજળીના થાંભલા સાથે અથડાઈને પલટી ગઈ. બસમાં બેઠેલા મુસાફરોનું કહેવું છે કે બસ પલટ્યા બાદ તેમાં અચાનક કરંટ આવી ગયો હતો.

અકસ્માત બાદ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ. માહિતી મળતા જ સ્થાનિક પોલીસ અને રાહત દળ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ અભિયાન શરૂ કર્યું. ૧૨ ઘાયલોને મોરિન્ડા અને ૯ ને ફતેહગઢ સાહિબ લઈ જવામાં આવ્યા. બસને સાઈડ કરીને ટો કરી દેવામાં આવી છે.

ગંભીર રીતે ઘાયલ શ્રદ્ધાળુઓને ચંદીગઢ પીજીઆઈ રેફર કરવામાં આવ્યા છે. બસમાં સવાર શ્રદ્ધાળુઓ બસ્સી પઠાણા નજીકના મૈણ માજરી ગામના હતા. સ્થાનિક લોકોનું કહેવું છે કે મોડી રાત્રે જમ્યા પછી નીકળ્યા હતા. જ્યારે અકસ્માત જોયો ત્યારે બીજા લોકોને



પણ બોલાવ્યા. એમ્બ્યુલન્સ ઘણી મોડી આવી હતી. તેમણે બસમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા. એસપી ડો. શુભમ અગ્રવાલનું કહેવું છે કે અકસ્માત મોડી રાત્રે થયો હતો. મૈણ માજરામાં જ્યાં શ્રદ્ધાળુઓએ ઉતરવાનું હતું તે માત્ર ૧.૫ કિલોમીટરના અંતરે હતું.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા. તેમણે જણાવ્યું કે ઘાયલોની સારવાર ચાલી રહી છે. પોલીસના વરિષ્ઠ અધિકારીઓ રાત્રે જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ગ્રામજનોએ બચાવ કાર્યમાં મદદ કરી છે. બઠિન્ડાથી શિરોમણી અકાલી દળના સાંસદ હરસિમરત કૌર બાદલે દુઃખ વ્યક્ત કર્યું છે.

## વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જનતા સમક્ષ નવ મજબૂત સંકલ્પો રજૂ કર્યા

**• હિસાર,તા.૧૫**

દેશને મજબૂત અને આર્ત્મનિભર બનાવવા માટે એક મજબૂત સંદેશ આપતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જનતા સમક્ષ નવ મજબૂત સંકલ્પો રજૂ કર્યા. તેમણે દેશવાસીઓને આ નવ સંકલ્પોને એક પછી એક અપનાવવા અપીલ કરી, જેમાં ધરતી માતાના નામ પરથી વૃક્ષનું નામકરણ કરવાથી લઈને પાણી બચાવવા, તંદુરસ્તી અપનાવવા અને સ્વદેશીને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. પીએમ મોદીએ કહ્યું કે જો લોકો આ સંકલ્પોને નિષ્ઠાપૂર્વક અપનાવે તો વિકસિત કર્ણાટક અને વિકસિત ભારતનું સ્વપ્ન ટૂંક સમયમાં સાકાર થઈ શકે છે. વડાપ્રધાન દ્વારા તેમના સંબોધનમાં જે મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો તેમાં પાણી બચાવવા, વધુ સારું પાણી વ્યવસ્થાપન, એક પેડ મા કે નામ અભિયાન હેઠળ



વૃક્ષારોપણ, સ્વચ્છતા જાળવવી, વોકલ ફોર લોકલ અપનાવવું અને ઘરેલુ પર્યટનને પ્રોત્સાહન આપવું શામેલ છે. તેમણે બુધવારે કર્ણાટકના મંડ્યામાં એક સંબોધન દરમિયાન આ ટિપ્પણીઓ કરી હતી.

પોતાના સંબોધનમાં, પીએમ નરેન્દ્ર મોદીએ લોકોને નવ મહત્વપૂર્ણ સંકલ્પો લેવાની અપીલ કરી. તેમણે કહ્યું કે દરેક નાગરિકે સમાજ અને દેશને મજબૂત બનાવવા માટે જવાબદારી વહેંચવી જોઈએ.

તેમણે આપેલા નવ સૂચનો મુજબ પાણી બચાવવા અને તેનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવાનો સંકલ્પ લો., એક પેડ મા કે નામ અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરો અને ધરતી માતાનું રક્ષણ કરો., ધાર્મિક સ્થળો, ગામડાઓ અને શહેરોમાં સ્વચ્છતા જાળવો., વોકલ ફોર લોકલ ગીવ અપનાવીને રાષ્ટ્રીય ઉત્પાદનોનો પ્રચાર કરો., તમારા દેશના વિવિધ ભાગોમાં મુસાફરી કરો અને ઘરેલુ પર્યટનને પ્રોત્સાહન આપો., કુદરતી ખેતી અપનાવો અને પ્રોત્સાહન આપો.

તમારા સ્વાસ્થ્યમાં સુધારો કરવા માટે તમારા આહારમાં આખા અનાજનો સમાવેશ કરો અને તેલનું સેવન લગભગ 10% ઘટાડી દો., યોગ અને રમતગમતને તમારી દિનચર્યાનો ભાગ બનાવો.

## ફુગાવાએ ફરી ચિંતા ઉભી કરી!

# જથ્થાબંધ ફુગાવો ફેબ્રુઆરીમાં ૨.૧૩% થી વધીને માર્ચમાં ૩.૮૮% થયો

**• નવીદિલ્હી,તા.૧૫**

દેશમાં ફુગાવો ફરી એકવાર ચિંતા વધારી રહ્યો છે. તાજેતરના સરકારી આંકડા અનુસાર, માર્ચ ૨૦૨૬ માં જથ્થાબંધ ભાવ સૂચકાંક વધીને ૩.૮૮% થયો, જે ફેબ્રુઆરીમાં ૨.૧૩% અને જાન્યુઆરીમાં ૧.૬૮% હતો. સતત ત્રણ મહિના સુધી ફુગાવામાં આ વધારો દર્શાવે છે કે ભવિષ્યમાં ભાવ દબાણ વધુ વધી શકે છે.

માર્ચના આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ફુગાવો ઝડપી બન્યો છે. જાન્યુઆરીથી માર્ચ દરમિયાન ડબ્લ્યુપીઆઈ સતત વધ્યો છે. કિંમતો માત્ર વાર્ષિક ધોરણે જ નહીં પરંતુ મહિના-દર-મહિનાના આધારે પણ ૧.૬૪% વધી છે. આ સૂચવે છે કે બજારમાં ખર્ચ દબાણ વધી રહ્યું છે.

ફુગાવામાં વધારો થવાનું સૌથી મોટું કારણ ક્રૂડ તેલ, કુદરતી ગેસ અને ઈંધણના ભાવમાં વધારો છે. ઈંધણ અને વીજ ક્ષેત્રે અગાઉ ઘટાડા પછી ૧.૦૫% ફુગાવો નોંધાવ્યો હતો. મહિના-દર-મહિનાના આધારે, આ ક્ષેત્રમાં ૪.૧૩% વધારો થયો છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે વૈશ્વિક ઊર્જા ભાવ ભારત પર પણ અસર કરી રહ્યા



છે.

ઉત્પાદન ક્ષેત્રમાં પણ ફુગાવો વધ્યો, જેમાં ૩.૩૯% નો વધારો થયો. ખાદ્ય ઉત્પાદનો, રસાયણો, ધાતુઓ અને કાપડ સહિત અનેક ક્ષેત્રોમાં ભાવમાં વધારો થયો. ૨૨ માંથી ૧૬ ઉત્પાદન ક્ષેત્રોમાં ભાવમાં વધારો દર્શાવે છે કે ઉદ્યોગ પર ખર્ચનું દબાણ વધી રહ્યું છે.

પ્રાથમિક વસ્તુઓ અથવા કાચા માલમાં ફુગાવો ૬.૩૬% પર પહોંચ્યો. આ મુખ્યત્વે ક્રૂડ તેલ અને કુદરતી ગેસના ભાવમાં તીવ્ર વધારાને કારણે હતો. જોકે કેટલાક ખાદ્ય પદાર્થોના ભાવમાં થોડો ઘટાડો જોવા મળ્યો, પરંતુ આ શ્રેણીમાં એકંદર ફુગાવો ઊંચો રહ્યો. જથ્થાબંધ ફુગાવા વચ્ચે રાહત એ છે કે ખાદ્ય સૂચકાંક પ્રમાણમાં સ્થિર રહ્યો. માર્ચમાં, તે ૧.૮૫% પર રહ્યો, જે દર્શાવે છે કે ખાદ્ય પદાર્થોના ભાવમાં વધુ વધઘટ થઈ નથી. નિષ્ણાતો માને છે કે જો ક્રૂડ તેલ અને અન્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો ચાલુ રહેશે, તો ફુગાવો વધુ વધી શકે છે. આની અસર સામાન્ય લોકોના ખિસ્સા પર પડશે, કારણ કે જથ્થાબંધ ફુગાવો ધીમે ધીમે છૂટક ભાવો પર પ્રતિબિંબિત થાય છે.

## બિહારમાં સમ્રાટ ચૌધરી ભાજપના પ્રથમ મુખ્યમંત્રી બન્યા

### જદયુના વિજય ચૌધરી અને બિજેન્દ્ર યાદવે પણ શપથ લીધા

**• પટણા,તા.૧૫**

ભારતીય જનતા પાર્ટીએ બિહારમાં પોતાનો પ્રથમ મુખ્યમંત્રી ચૂંટ્યો છે. રાષ્ટ્રીય જનતા દળ અને જનતા દળ (યુનાઈટેડ) દ્વારા ૨૦૧૭ માં ભાજપમાં જોડાયેલા ભૂતપૂર્વ મંત્રી શકુની ચૌધરીના પુત્ર સમ્રાટ ચૌધરીને બિહારના ૨૪મા મુખ્યમંત્રી તરીકે ચૂંટવામાં આવ્યા છે. ભાજપ અને ત્યારબાદ એનડીએની વિધાનસભા પક્ષની બેઠકોમાં સમ્રાટ ચૌધરીના નામને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. ભૂતપૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમારે તેમને માખાનાથી માળા પહેરાવીને તેમનો વારસો સોંપ્યો હતો. રાજ્યપાલ સૈયદ અતા હસનૈને આજે સવારે ૧૦:૫૦ વાગ્યે લોકભવન ખાતે સમ્રાટ ચૌધરીને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા હતા. તેમની સાથે વિજય ચૌધરી અને બિજેન્દ્ર યાદવે પણ શપથ લીધા હતા. બંનેને જદયુ ક્વોટામાંથી ડેપ્યુટી મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રીઓ જેપી નડ્ડા, શિવરાજ સિંહ ચૌહાણ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર, બિહાર ભાજપના વરિષ્ઠ નેતાઓ અને એનડીએના તમામ વરિષ્ઠ નેતાઓ શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા હતા. રાજ્યપાલ સૈયદ અતા હસનૈને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીઓને શપથ લેવડાવ્યા. સમ્રાટ ચૌધરીના મુખ્યમંત્રી તરીકે શપથ લેવાને બિહારમાં નીતિશ કુમાર-લાલુ યુગનો અંત માનવામાં આવે છે. આ પણ પહેલી વાર છે જ્યારે બિહારમાં ભાજપનો પોતાનો મુખ્યમંત્રી હશે. અત્યાર સુધી, બિહાર એકમાત્ર હિન્દી ભાષી રાજ્ય હતું જ્યાં ભાજપે હજુ સુધી મુખ્યમંત્રી પસંદ કર્યા ન હતા.

જ્યારે ૨૦૨૦ માં નીતીશ કુમારના નેતૃત્વમાં એનડીએ સરકાર રચાઈ, ત્યારે ભાજપે બે ડેપ્યુટી સીએમ આપ્યા. રેણુ દેવી અને તારકિશોર પ્રસાદને તક આપવામાં આવી. આ પછી, એનડીએ સરકારે બે વાર શપથ લીધા. બંને વખત, સમ્રાટ ચૌધરી અને વિજય સિંહાને ડેપ્યુટી સીએમ તરીકે નિયુક્ત



કરવામાં આવ્યા. હવે, ભાજપ મોટા ભાઈની ભૂમિકા ભજવી રહ્યું હોવાથી, જદયુમાંથી બે ડેપ્યુટી સીએમ હશે. શરૂઆતમાં, નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારને ડેપ્યુટી સીએમ બનાવવાની ચર્ચા હતી. જોકે, તેમણે ના પાડી દીધી. તેથી, જદયુએ ભૂમિહાર જાતિના વિજય ચૌધરી અને યાદવ જાતિના બિજેન્દ્ર યાદવને ડેપ્યુટી સીએમ તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો. બંનેને નીતિશ કુમારના સૌથી વિશ્વસનીય નેતાઓમાં ગણવામાં આવે છે.

શપથ લીધા પછી, બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ કહ્યું, "હું આજથી બિહાર માટે કામ કરવાનું શરૂ કરીશ. બિહારમાં ફક્ત મોદી-નીતીશ મૉડેલ જ કામ કરશે. સમ્રાટ ચૌધરીએ શપથ લીધા પછી તરત જ કાર્યભાર સંભાળ્યો. પટણામાં લોકભવનની બહાર તેમની સામે "બુલડોઝર બાબા ઝિંદાબાદ" ના નારા લાગ્યા. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું છે કે બિહારમાં ફક્ત મોદી-નીતીશ મૉડેલ જ કામ કરશે.

**તંત્રીની કલમે**

# હોર્મુઝની ખાડી મુદ્દે અમેરિકાની આડોડાઈ વિશ્વને વધુ નડશે

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કામચલાઉ ધોરણે યુદ્ધ વિરામ થકી ૧૪ દિવસ માટે અટકાવાયું હતું. આ દરમિયાન પાકિસ્તાનના મધ્યસ્થીના નામે ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલા નેતાઓ આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે ચર્ચા કરવા ભેગા થયા હતા. ત્રણે દેશો વચ્ચેની શાંતિવાર્તા નિષ્ફળ ગયાની સોમવારે અધિકારિક જાહેરાત કરવામાં આવી હતી. આ ચર્ચા વિચારણા દરમિયાન ઈરાને જે શરતો મુકી હતી તેના કારણે ટ્રમ્પ વધારે અકળાયા હતા. તેમણે આ વાર્તા રદ થયા બાદ ચેતવણી ઉચ્ચારી હતી કે, હવે હોર્મુઝની ખાડીમાંથી તે એકપણ જહાજ પસાર થવા નહીં દે. તેણે સમગ્ર ખાડીની આસપાસ નાકાબંદી કરવાની જાહેરાત કરી હતી અને તે દિશામાં કામગીરી પણ શરૂ કરી દીધી હતી.

જો આ ખાડીની નાકાબંધી કરવામાં આવે તો દુનિયાભરમાં ક્રૂડ અને ગેસ ઉપરાંત અન્ય વસ્તુઓનો સપ્લાય સદંતર અટકી જાય અને ચારેકોર ભયાનક સ્થિતિ ઊભી થાય. તેના કરતા પણ મોટી બાબત એ છે કે, ખરેખર અમેરિકા આ હોર્મુઝની ખાડી બંધ કરી શકે છે તે માની લેવું કે નહીં. જાણકારોનો અહેવાલ છે કે, અમેરિકા ધારે તો પણ ૩૩ કિલોમીટર પહોળો આ જળમાર્ગ બંધ કરી શકે તેમ નથી. તે અહીંયા નાકાબંધી કરવા તહેનાત પણ થઈ શકે તેમ નથી. ઈરાને દરિયામાં એટલા બધા મરીન માઈન્સ બિછાવ્યા છે કે ક્યારે કઈ માઈન્સ ફાટે કોઈને ખબર નથી. બીજી તરફ અમેરિકાએ બે મોટા યુદ્ધ જહાજ આ ખાડીમાં તહેનાત કરી દીધા છે જે બાકીના જહાજો ઉપર દબાણ ઊભું કરશે.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે પોતાના પહેલા નિવેદનમાં કહ્યું હતું કે, હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા દરેક જહાજને અમેરિકા દ્વારા રોકવામાં આવશે. તેના થકી લાગશે કે હોર્મુઝની ખાડીમાં બ્લોકેજ ઊભો થયો છે. ત્યારબાદ થોડા સમય પછી યૂનાઈટેડ સ્ટેટ સેન્ટ્રલ કમાન્ડ દ્વારા આ અંગે સ્પષ્ટતા કરવામાં આવી હતી. તેમાં જણાવાયું હતું કે, અમેરિકા દ્વારા સંપૂર્ણ નાકાબંધી નહીં પણ ટાર્ગેટેડ બ્લોકેજ ઊભો કરવામાં આવશે. તેનો સીધો અર્થ એવો છે કે, અમેરિકા દ્વારા માત્ર એવા જ જહાજોને રોકવામાં આવશે જે ઈરાનના બંદરોએથી આવતા હશે અથવા તો ઈરાનના બંદરો સુધી જતા હશે. બીજી તરફ સાઉદી અરબ, યુએઈ અને કુવૈત જેવા સાથી દેશોના બંદરોએ આવન-જાવન કરતા જહાજોને રાહત આપવામાં આવશે.

ટ્રમ્પનો દાવો છે કે, ઈરાન દ્વારા આ રસ્તેથી પસાર થતા જહાજો પાસેથી ગેરકાયદે ટોલ વસુલવામાં આવી રહ્યો છે. અમેરિકા ક્યારેય આવું કામ ચલાવી લેશે નહીં. હું કોઈપણ ભોગે ઈરાનને આવા ટોલ વસુલવા દઈશ નહીં. ઉલ્લેખનીય છે કે, જેમ હાઈવે ઉપરથી ગાડીઓ પસાર થાય અને તેની પાસેથી ટોલ વસુલવામાં આવે છે તેમ ઈરાન દ્વારા હોર્મુઝની ખાડીમાંથી પસાર થનારા જહાજો પાસેથી ટોલ વસુલવામાં આવશે. ટ્રમ્પે જણાવ્યું કે, ઈરાન દ્વારા જે કરવામાં આવી રહ્યું છે તે આંતરરાષ્ટ્રીય મરિન કાયદાઓનું ઉલ્લંઘન છે. કાયદાનો ભંગ કરીને જહાજો પાસેથી ગેરકાયદે ટોલ વસુલાતને અમેરિકા અટકાવશે.

માનવામાં આવી રહ્યું છે કે, આ કામગીરી ધારવામાં આવે તેટલી સરળ નથી. હોર્મુઝની ખાડી દુનિયાનો મહત્ત્વનો ચોક પોઈન્ટ ગણાય છે. તેને ચિકન નેક પણ કહેવામાં આવે છે. તેની પહોળાઈ માત્ર ૩૩ કિલોમીટર છે પણ વાસ્તવિકતામાં જહાજોને પસાર થવા દેવાની પહોળાઈ તો માત્ર ૩.૭ કિલોમીટરની જ છે. તેના કારણે જ આ જગ્યા રણનીતિક દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશિલ અને મહત્ત્વની બની જાય છે. ટેકનિલકી અમેરિકા પાસે નૌસેનાના વિશાળ યુદ્ધ જહાજો અને અન્ય જહાજો છે કે તે આ ખાડીને બંધ કરીને તેના ઉપર બ્લોકેજ ઊભું કરી શકે છે. તે સ્થિતિને કાબુ કરવાની ક્ષમતા ધરાવે છે પણ તે આ કામ કરી શકે કે કેમ ત્યાં સૌથી મોટો પડકાર રહેલો છે. યુદ્ધના જાણકારો અને સૈન્ય ક્ષેત્રના જાણકારો માને છે કે, આ વિસ્તાર હકિકતે માત્ર જહાજોની અવરજવરો રસ્તો નહીં અને મોતનું તાંડવ કરી શકે તેવી એક જગ્યા છે.

**ઈલેવાન ઠાકર**

# ગણપત યુનિવર્સિટીના આંગણે ભારે ઉત્સાહભેર ઉજવાયો તેનો 21મો સ્થાપના-દિવસ

## જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટે સ્ટાફ દ્વારા પોતાના એક દિવસના પગાર રૂપે રૂપિયા 29 લાખથી વધુ રકમ અર્પણ કરવામાં આવી!

ગણપત યુનિવર્સિટીના આંગણે ગઈ તારીખ 11ના રોજ તેનો 21મો સ્થાપના દિવસ ભારે રંગેચંગે અને ઉત્સાહપૂર્વક રીતે ઉજવાયો હતો. બરાબર 20 વર્ષ પહેલાંના 2005ના વર્ષની 12મી એપ્રિલે ગુજરાત વિધાનસભામાં ગણપત યુનિવર્સિટી માટેનો ખાસ ખરડો પસાર થયો અને ગુજરાત સરકાર દ્વારા આ સંસ્થાને યુનિવર્સિટી તરીકેનો દરજ્જો પ્રાપ્ત થયો, ત્યારબાદ કેન્દ્ર સરકારની શૈક્ષણિક સંસ્થા ' યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ' એટલે કે ' યુ.જી.સી 'દ્વારા પણ તેના અધિનિયમ એફ-2 હેઠળ માન્યતા પ્રાપ્ત થઈ જે કોઈપણ યુનિવર્સિટી માટે એક કાનૂની જરૂરિયાત હોય છે.

- તે દિવસથી પ્રારંભી આજ સુધીમાં ગણપત યુનિવર્સિટીએ તેના ' વિદ્યા દ્વારા સમાજના ઉત્કર્ષ 'ના હેતુ મુજબ એક પછી એક સિદ્ધિ પ્રાપ્ત કરતા જઈ આજે ' નાક 'નું ' એ 'ગ્રેડનું એક્રેડિટેશન તેમજ ગુજરાત સરકારના ' ફાઈવસ્ટાર ' રેન્કિંગ સહિત અનેક માન અકરામ પામીને શૈક્ષણિક શ્રેષ્ઠતા હાંસલ કરી છે.

માત્ર મુટ્ઠીભર વિદ્યાર્થીઓ અને ચાર પાંચ કોલેજો સાથે પ્રારંભ પામેલી આ સંસ્થા આજે 20થી વધારે કોલેજો અને વીસેક હજાર જેટલાં વિદ્યાર્થીઓ માટે તેની વિવિધ વિદ્યાશાખાઓ દ્વારા 100 થી પણ વધારે અભ્યાસક્રમો ભણાવે છે.

આજે ગણપત યુનિવર્સિટીમાંથી પોતાની કારકિર્દી અને વ્યક્તિત્વનું સક્ષમ ઘડતર કરી લાખો વિદ્યાર્થીઓ દુનિયાભરમાં પોતાના મૂલ્યવાન પ્રદાન દ્વારા માનવ જાતના વિકાસનું લાખેણું કાર્ય કરી રહ્યા છે.

યુનિવર્સિટીનું હરિયાળું પરિસર ચાલીસ હજારથી વધુ વૃક્ષોથી આચ્છાદિત છે તો અનેક ' સેન્ટર ઓફ એક્સેલેન્સ ' દ્વારા વિદ્યાર્થીઓ આધુનિક ટેકનોલોજીનો પણ અભ્યાસ કરી રહ્યા છે.

કેમ્પસમાં હજારો વિદ્યાર્થીઓને સમાવતી હોસ્ટેલો છે તો પોતાની હોસ્પિટલ, વ્યાયામ માટે આધુનિક જીમ ઈન્ટરનેશનલ કક્ષાનો સ્વીમિંગ પુલ, મહેસાણા જિલ્લાનું કૃષી વિજ્ઞાન કેન્દ્ર, રમતના મેદાનો, શોપિંગ સેન્ટર, અમદાવાદ, ગાંધીનગર અને સમગ્ર ઉત્તર ગુજરાતને સાંકળતી બસ સેવાઓ , બે બેંક અને એક પોસ્ટ ઓફિસ જેવી તમામ સુવિધાઓ પણ ધરાવે છે.





બારમી તારીખે રવિવારની રજા હોય એક દિવસ વહેલા ઉજવાયેલા તેના સ્થાપના દિવસે ત્રણ અવસરોનું યુનિવર્સિટી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું .

પ્રારંભે રાણી લક્ષ્મીબાઈ વિશેના માઈમ, લોક-રાસ અને શાસ્ત્રીય નૃત્યના સ્વરૂપમાં ગણેશ વંદનાની પ્રસ્તુતિ પછી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો .

આ પાવન અને પ્રેરક દિવસે ગણપત યુનિવર્સિટી સ્ટાફ પરિવાર દ્વારા પોતાના એક દિવસના પગારની રૂપિયા 29,06,468 જેવી રકમ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે અર્પણ કરવામાં આવી તો આ રકમમાં યુનિવર્સિટી પ્રેસિડેન્ટ શ્રી ગણપતભાઈ પટેલ- દાદા તરફથી પણ આટલી જ રકમ ઉમેરવામાં આવશે એટલે સરવાળે 58 લાખ કરતાં વધારે રકમ વિદ્યાર્થીઓના લાભાર્થે વપરાશે.

આજના અવસરે દર વર્ષની જેમ ચુનંદા પ્રાધ્યાપકોને એમની શ્રેષ્ઠ કાર્યદક્ષતા માટે 'પ્રેસિડેન્ટ એવોર્ડ 'થી નવાજવામાં આવ્યા તો પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ એમની સિદ્ધિઓ માટે ' ડાયરેક્ટર જનરલ એવોર્ડ ' થી નવાજવામાં આવ્યા હતા.

એન્જિનિયરિંગના એમ.ટેક.ના વિદ્યાર્થીઓના અભ્યાસ-સંશોધનમાં ઉપયોગી બને એવા સહયોગ માટે HCL-GUVI Geek Network Pvt Ltd કંપની સાથે એક MOU પણ સાઈન કરવામાં આવ્યું હતું. આ સહકારનો હેતુ કૌશલ્ય આધારિત શિક્ષણને મજબૂત બનાવવું, ઉદ્યોગ અને શિક્ષણના જોડાણોને વિસ્તૃત કરવા અને વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજી સાથે સુસંગત એવી અદ્યતન શૈક્ષણિક તકો પૂરી પાડવાનો છે.

બીજું MOU ગણપત યુનિવર્સિટી અને ક્યુ-પ્લેયરવોયન્સ કંપની વચ્ચે સાઈન થયું હતું જેનો ઉદ્દેશ પણ ઈનોવેશન, ગુણવત્તાયુક્ત અભ્યાસ-સંશોધન અને ઉભરતી જતી નવી ટેકનોલોજી સહિતનો સેતુ ઉદ્યોગો સાથે રચવાનો છે.

આજે વિશેષ મહેમાન તરીકે પધારેલા વિવિધ ઉદ્યોગોના નિષ્ણાત તજજ્ઞ સર્વશ્રી કર્નલ સરકાર, શ્રી નવીન શર્મા, શ્રી વિનોદ શ્રીનિવાસન તેમજ પૂજ્ય દાદા સહિત યુનિવર્સિટીના અગ્રણીઓ જોઈન્ટ પ્રેસિડેન્ટ અને પ્રો. ડૉ. શ્રી મહેન્દ્ર શર્મા અને ઈન્ચાર્જ ડાયરેક્ટર જનરલ પ્રો.ડૉ.શ્રી આર. કે.પટેલે પ્રસંગોચિત અને વિચાર પ્રેરક પ્રવચનો આપ્યા હતા.

પ્રાસંગિક સંબોધનમાં ડો. મહેન્દ્ર શર્માએ યુનિવર્સિટીની નોંધપાત્ર સિદ્ધિઓ અને ઉત્કર્ષ ઉપર પ્રકાશ પાડ્યો હતો અને સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓના અવિરત સમર્પણ માટે હૃદયપૂર્વકનો આભાર પણ વ્યક્ત કર્યો હતો, તેમણે કહ્યું હતું કે સપનાંઓ જોવા સરળ છે પરંતુ તેને હકીકતમાં પરિવર્તિત કરવા અને સંસ્થાના લક્ષ્ય હાંસલ કરવા એ અઘરી બાબત છે- એમાં સતત અને આકરા પ્રયત્નોની જરૂર પડે છે. એમણે વધુમાં ખાતરી આપી હતી કે ગણપત યુનિવર્સિટી વિદ્યાર્થીઓને માત્ર ' ડિગ્રી રેડી ' નહીં પરંતુ ' ફ્યુચર રેડી ' બનાવવા પ્રતિબંધ છે જે બદલાતી ઔદ્યોગિક અને સામાજિક જરૂરિયાતોને અનુરૂપ છે

કર્નલ સાઈ શંકરે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે દેશ વધુ મજબૂત ત્યારે બને છે જ્યારે સેવા આધારિત મોડેલ કરતા ઉત્પાદન આધારિત વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે અને તેમણે સ્વાવલંબન ઉપર પણ ભાર મૂક્યો હતો .

ડોક્ટર ગણપતભાઈ પટેલ - દાદાએ યુનિવર્સિટીના સતત વિકાસમાં સહભાગી દાતાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ -- તમામનો આ અવસરે આભાર માન્યો હતો.યુનિવર્સિટીના ગરવા ઈતિહાસના તેમજ ભાવિ પ્રગતિના આયોજનના બે વિડીયો પણ આ અવસરે ખાસ બતાવવામાં આવ્યા હતા .

યુનિવર્સિટીના સ્ટ્રસ્ટીશ્રીઓ, બોર્ડ મેમ્બર્સ અને અમેરિકાથી ખાસ ઓનલાઈન ઉપસ્થિત રહેલા ટ્રસ્ટી શ્રી બી.એસ.પટેલ અને શ્રી રીટાબેન પટેલ તેમજ આમંત્રિત મહેમાન મહાનુભાવો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓની વિશાળ હાજરીથી છલકાતા આ અવસરના સફળ આયોજનમાં પ્રો વાઈસ ચાન્સેલર શ્રી સચિન પરીખ તથા પ્રો. ડો. શ્રી સૌરભ દવે તથા એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર ડો. શ્રી ગિરીશ પટેલ સહિત અનેક અધિકારીઓનો પણ મૂલ્યવાન ફાળો હતો. સમગ્ર કાર્યક્રમનું સુપેરે થયેલું સંચાલન પ્રો.શ્રી દિપાલી દવે તથા પ્રો. શ્રી કોમલ ભટ્ટે સંભાળ્યું હતું.

# 'ધરપકડ - યુ આર અંડર ડિજિટલ એરેસ્ટ' નું ચોંકાવનારું નું પોસ્ટર રિલીઝ; મલ્હાર ઠાકર અને શ્રુહદ ગોસ્વામી પહેલીવાર સાથે

**• અમદાવાદ**

આજના સમયમાં એક ફોન કોલ પણ હથિયાર બની શકે છે, અને આવી જ હકીકતને રજૂ કરતી વાર્તા સાથે ગુજરાતી સિનેમા એક નવી દિશામાં આગળ વધી રહ્યું છે. 'ધરપકડ', ભારતની પ્રથમ ડિજિટલ અરેસ્ટ પર આધારિત ફિલ્મ, જેનું સત્તાવાર પોસ્ટર રજૂ થઈ ચૂક્યું છે - અને તેણે ફિલ્મની રિલીઝ પેહલા જ લોકોમાં ચિંતા અને ઉત્સુકતા જગાવી દીધી છે.

'ધૂનકી' અને 'ઉડન છૂ'ના નિર્માતાઓ દ્વારા નિર્મિત આ ફિલ્મ, એક અલગ અને આધુનિક વિષય સાથે અનોખી વાર્તા રજૂ કરે છે.

ઇંદિરા મોશન પિક્ચર્સ અને નવેમ્બર ફિલ્મ્સ દ્વારા નિર્મિત આ ફિલ્મ તારીખ 15 મે, 2026 ના રોજ થિયેટરોમાં રિલીઝ થવાની છે અને તે એક એવા ખતરાને મોટા પડદા પર લાવશે, જે આજકાલ સહજતાથી આપણા જીવનમાં પ્રવેશી રહ્યો છે.

આ ફિલ્મનું સૌથી મોટું આકર્ષણ છે મલ્હાર ઠાકર અને શ્રુહદ ગોસ્વામીની સૌપ્રથમ વખત સ્ક્રીન પર એકસાથે હાજરી. મલ્હાર, જે હાલમાં 'ઓલ ધ બેસ્ટ પંડ્યા', 'વેનિલા આઈસક્રીમ' અને 'જય માતાજી - લેટ્સ રૉક' જેવી સતત હિટ ફિલ્મો સાથે ગુજરાતીના સૌથી મોટા સ્ટાર તરીકે ઉભર્યા છે, તેઓ હવે *'ધરપકડ'*માં એક ગંભીર ભૂમિકામાં જોવા મળશે.

તેમની સાથે છે શ્રુહદ ગોસ્વામી, જેમણે 'લાલો' ફિલ્મમાં કૃષ્ણના પાત્રથી દર્શકોના દિલ જીત્યા હતા - લાલો એક એવી ફિલ્મ હતી જેને 100 કરોડથી વધુ કમાણી કરીને ગુજરાતી સિનેમામાં એક ઈતિહાસ રચ્યો હતો. તેમની મજબૂત અભિનય ક્ષમતા આ ફિલ્મને વધુ ગૂઢ અને રસપ્રદ બનાવે છે.

અનિશ શાહ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં પ્રશાંત બારોટ,




પ્રતિક રાઠોડ અને જય ભટ્ટ પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મના નિર્માતા રાહુલ બડાલ, જય શાહ અને અનિશ શાહ છે, જે એક એવી ફિલ્મ રજૂ કરવા માંગે છે જે માત્ર મનોરંજન જ નહીં પરંતુ સામાજિક રીતે પણ મહત્વપૂર્ણ હોય.

'ધરપકડ' ને ખાસ બનાવે છે તેનો ગંભીર અને આધુનિક વિષય. ડિજિટલ અરેસ્ટ, એક એવો સાયબર ક્રાઈમ જેમાં વ્યક્તિને તે પોતે સતત નજરબંધ હોવાની અનુભૂતિ કરાવવામાં આવે છે.

"'ધરપકડ' એક ખૂબ જ વાસ્તવિક વિચારમાંથી જન્મેલી ફિલ્મ છે. એક સામાન્ય ફોન કોલને પણ કેટલું ભયજનક બનાવી શકાય - એ બતાવવાનો અમારો પ્રયાસ રહ્યો છે. આ ફિલ્મ મનોરંજન સાથે જાગૃતિ પણ લાવે છે," કહે છે અનિશ શાહ, 'ધરપકડ'ના દિગ્દર્શક અને નિર્માતા.

મલ્હાર ઠાકર, ફિલ્મના મુખ્ય કલાકાર કહે છે, "'ધરપકડ'માં જે વાત મને સૌથી વધુ ગમી, એ તેની રિયલિટી છે. આ કોઈ દૂરની થ્રિલર નથી - આ તો કોઈપણ સાથે બની શકે એવી ઘટના છે. એ કારણે આ ફિલ્મ કરવી મારા માટે ખાસ અનુભવ રહ્યો."

આ રીતે 'ધરપકડ' પરંપરાગત વાર્તાઓથી અલગ જઈને એક આધુનિક અને ચેતવણી આપતી વાર્તાને રજૂ કરે છે. આ ફિલ્મ માત્ર મનોરંજન અને થ્રિલ જ નહીં પીરસે, પરંતુ ડિજિટલ યુગમાં વધતા સાયબર ક્રાઈમ વિશે વિચારવા મજબૂર પણ કરશે.

ફિલ્મની જાહેરાત બાદથી જ તે ચર્ચાનો વિષય બની ગઈ છે અને દર્શકો તેમજ ફિલ્મ ઉદ્યોગમાં તેને એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. અનોખી વાર્તા, શક્તિશાળી અભિનય અને સતત તણાવભર્યા માહોલ સાથે, 'ધરપકડ' આ વર્ષની સૌથી મહત્વપૂર્ણ ફિલ્મોમાંથી એક બનવા જઈ રહી છે.

ચેતવણી: 'ધરપકડ' જોયા પછી તમે અજાણ્યા નંબર પરથી આવેલા કોલ સ્વીકારતા પહેલાં બે વાર વિચારશો.

# જુનાગઢ મનપાના કર્મચારીઓના હુમલા બાદ FIR ન નોંધ્યાનો આક્ષેપ, TP શાખામાં કર્મીઓ ગેરહાજર હોવાનો વીડિયો બનાવ્યો'તો





**• જૂનાગઢ**

જુનાગઢમાં સરકારી તંત્ર અને જનતા વચ્ચેનો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચાર અને બેદરકારીના વીડિયો ઉતારનાર અરજદારને ન્યાય મેળવવા માટે મોતના ઉંબરે પહોંચવું પડ્યું હતું. છેલ્લા ત્રણ દિવસથી પોલીસના ધક્કા ખાવા છતાં ફરિયાદ ન નોંધાતા રોષે ભરાયેલા અરજદારે આજે જૂનાગઢ એસપી કચેરી ખાતે આત્મહત્યાનો પ્રયાસ કરતા સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો હતો.

13 એપ્રિલે સવારે 11:15 વાગ્યે અરજદાર ટાઉન પ્લાનિંગ શાખાની ઓફિસે ગયા હતા. શહેરના હવેલી ગલીમાં થતા ગેરકાયદે બાંધકામની તેમણે ફરિયાદ કરાવાની હતી. જો કે ઓફિસે પહોંચતા ત્યાં કોઈ કર્મચારીઓ હાજર ન હોવાનો તેમણે દાવો કર્યો હતો. એટલું જ નહીં ઓફિસમાં લાઈટ-પંખા પણ ચાલુ જોવા મળ્યા હતા. જેના કારણે આ મુદ્દે ફેસબૂકમાં લાઈવ કર્યું હતું. અને આ લાઈવ વાયરલ થયું હતું. જે મનપાના કર્મચારીઓ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો.

બીજી તરફ, મનપા કર્મચારીઓએ પોતાની બેદરકારી છુપાવવા હડતાળનું શસ્ત્ર ઉગામ્યું હતું. કચેરીને તાળા મારી દેવાતા સેંકડો અરજદારો અટવાયા હતા. અને મનપા કમિશનરની મધ્યસ્થી બાદ, બાંધકામ શાખાના કોમ્પ્યુટર ઓપરેટર જીતેન્દ્ર દાસાએ અરજદાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપ હતો કે અરજદારે મહિલા કર્મચારીઓ સામે બિભત્સ ગાળો બોલી, કર્મચારીનો કાંઠલો પકડી લાફા ઝીંક્યા અને સરકારી કામમાં અવરોધ ઊભો કર્યો હતો. એટલે આ મુદ્દે પોલીસે અરજદાર સામે ગુનો નોંધ્યો હતો.

આ સમગ્ર ઘટનાક્રમ બાદ અરજદારે એસપીને લેખિત રજૂઆતમાં જણાવ્યું હતું કે, વીડિયો ઉતારતા જોઈ પાનસુરીયા એન્જિનિયર અને અન્ય સ્ટાફે તેમને ઘેરી લીધા હતા. તેમણે આક્ષેપ કર્યો કે, 'મને માર મારવામાં આવ્યો અને એક કર્મચારીએ પગનું ચપ્પલ કાઢી મારા મોઢા પર વારંવાર પ્રહાર કર્યાં હતા. આ દરમિયાન જાતિસૂચક શબ્દો કહી અપમાનિત કરવામાં આવ્યો હોવાનો પણ અરજદારે આક્ષેપ કર્યો હતો. આ હુમલામાં અરજદાર બેભાન થઈ ગયા હતા અને તેમને 112 મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

અરજદારનો સૌથી મોટો પ્રશ્ન એ છે કે જો કર્મચારીઓની ફરિયાદ પર તુરંત કાર્યવાહી થઈ શકે, તો એક દલિત અરજદાર પર થયેલા હુમલા અને એટ્રોસિટીની ફરિયાદ કેમ નહીં? તેમણે બી-ડિવિઝન પીઆઈ ચૌધરી અને પીએસઆઈ મહેતા પર જાણીજોઈને ફરિયાદ ટાળવાનો આક્ષેપ કર્યો હતો. એટ્રોસિટી એક્ટની કલમ 4(1) મુજબ ફરજમાં બેદરકારી દાખવનાર પોલીસ અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવાની માંગ અરજદારે કરી છે.

સોમવારની ઘટના બાદ સતત રજૂઆતો કરવા છતાં જ્યારે બી-ડિવિઝન પોલીસ દ્વારા એટ્રોસિટી એકટ મુજબ ગુનો નોંધવામાં ન આવ્યો, ત્યારે હતાશ થયેલા અરજદાર આજે 15 એપ્રિલે એસપી કચેરી પહોંચ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે, પોલીસ માત્ર સત્તાધારીઓ અને સરકારી કર્મચારીઓનું સાંભળે છે, ગરીબ અને અનુસૂચિત જાતિના વ્યક્તિ માટે ન્યાયના દરવાજા બંધ છે. આ સમયે આક્રોશમાં આવી તેમણે ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે દલિત સમાજમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હાલ જૂનાગઢમાં આ મામલો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. બે દિવસ પહેલા મનપાના કર્મચારીઓ પોતાની સુરક્ષાની માગ કરી રહ્યા હતા. અને હડતાળ પર પણ ઉતર્યાં હતાં. તો બીજી તરફ સામાન્ય નાગરિકો તંત્રની દાદાગીરી અને પોલીસની પક્ષપાતી નીતિ સામે સવાલો ઉઠાવી રહ્યા છે.

સોમવારની ઘટના બાદ સતત રજૂઆતો કરવા છ તાં જ્યારે બી-ડિવિઝન પોલીસ દ્વારા એટ્રોસિટી એકટ મુજબ ગુનો નોંધવામાં ન આવ્યો, ત્યારે હતાશ થયેલા અરજદાર આજે 15 એપ્રિલે એસપી કચેરી પહોંચ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે, પોલીસ માત્ર સત્તાધારીઓ અને સરકારી કર્મચારીઓનું સાંભળે છે.

# મોરથલ જિલ્લા પંચાયત પ્રચારનો શ્રી ગણેશ







**• અહેવાલ હરી ભાઈ પ્રજાપતિ**

વાવ-થરાદ વિસ્તારની મોરથલ જિલ્લા પંચાયત બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે લક્ષ્મીબેન ઠાકોરે પોતાના પ્રચારનો શ્રી ગણેશ કર્યો છે।

પ્રચારની શરૂઆત દરમિયાન ઠાકોર સમાજ સહિત અન્ય સમાજના આગેવાનો અને લોકોએ લક્ષ્મીબેન ઠાકોરનું ફૂલોના હાર પહેરાવી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું। ગામમાં ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો।

લક્ષ્મીબેન ઠાકોરને ગામે ગામથી જોરદાર સમર્થન મળી રહ્યું છે તેમની ઉમેદવારીને લઈને તમામ સમાજોમાં ખુશીની લાગણી પ્રસરી છે।

લક્ષ્મીબેન લાંબા સમયથી સમાજ સેવા સાથે જોડાયેલા છે અને લોકોના દુઃખ-સુખમાં હંમેશા સાથે ઉભા રહ્યા છે તેમના આ સેવા કાર્યને કારણે જનતા તરફથી તેમને ભારે સમર્થન મળી રહ્યું છે।

## એલ.ડી એન્જિનિયરીંગ કોલેજની હોસ્ટેલમાં સ્લેબ તૂટ્યો

# એક વિદ્યાર્થી ઈજાગ્રસ્ત, બિલ્ડીંગ જર્જરિત હોવા છતાં કાર્યવાહી ન થયાનો NSUIનો આક્ષેપ

### રૂમમાં 2 બેડ હતા, જેમાં વિદ્યાર્થીઓ બેઠા હતા ત્યારે અચાનક સ્લેબ તૂટી પડ્યો હતો





• અમદાવાદ

શહેરની એલડી એન્જિનિયરિંગ કોલેજની હોસ્ટેલમાં ગઈકાલે 14 એપ્રિલની રાત્રે સ્લેબ ધરાશાઈ થવાની ઘટના બની હતી. હોસ્ટેલના બ્લોક નંબર બીના એક રૂમમાં છતની સ્લેબનો એક ભાગ અચાનક તૂટી પડ્યો હતો. આ ઘટનામાં એક વિદ્યાર્થીને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ હોસ્ટેલની બિલ્ડીંગ જર્જરિત હોવાનો NSUIએ આક્ષેપ કર્યો છે.

હોસ્ટેલના બ્લોક Bમાં રૂમ નંબર 204માં આ ઘટના બની હતી. આ રૂમમાં 2 બેડ હતા, જેમાં વિદ્યાર્થીઓ બેઠા હતા ત્યારે અચાનક સ્લેબ તૂટી પડ્યો હતો. જેમાં એક વિદ્યાર્થીના પીઠ પર ઈજા પહોંચી હતી. જે બાદ તાત્કાલિક વિદ્યાર્થીને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.

NSUIના સોશિયલ મીડિયા ચેરમેન કાતરીયા આશિષે જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે LD એન્જિનિયરિંગ કોલેજની હોસ્ટેલમાં છતનો એક ભાગ (સ્લેબ) પડવાથી એક વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયો છે. આ ઘટનાને લઈ કોલેજ પ્રશાસન અને સરકાર પર આક્ષેપ કર્યા કે, હોસ્ટેલની બિલ્ડિંગ લાંબા સમયથી જર્જરિત છે, છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આ ઘટના કાલે રાત્રે 9થી 10 વાગ્યાની આસપાસ બની હતી. મને એક વિદ્યાર્થીનો ફોન આવ્યો કે આવી ઘટના બની છે અને તમે અહીં તપાસ કરવા આવો. આ બિલ્ડિંગ અત્યંત જર્જરિત છે અને વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ છે.

કાતરીયા આશિષે વધુમાં જણાવ્યું હતું કે આ બિલ્ડિંગના રિનોવેશન માટે પ્રિન્સિપાલ કે રેક્ટરે યોગ્ય રજૂઆત કરી છે કે નહીં તે મીડિયા સમક્ષ સ્પષ્ટ કરવું જોઈએ. અગાઉ પણ અહીં વિદ્યાર્થીઓના આપઘાત, હુમલા કે અન્ય વિવાદો સમયે પ્રશાસને માત્ર બહાના જ કાઢ્યા છે. જો વિદ્યાર્થી સૂતો હોત અને સ્લેબ તેના મોઢા પર પડ્યો હોત, તો મોટી જાનહાનિ થઈ શકી હોત. હાલ તે વિદ્યાર્થી સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જો આગામી સમયમાં કોઈ યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો NSUI દ્વારા LD એન્જિનિયરિંગ કોલેજનો ઘેરાવો કરવામાં આવશે અને તાળાબંધીનો કાર્યક્રમ યોજાશે.

NSUIના સોશિયલ મીડિયા ચેરમેન કાતરીયા આશિષે જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે LD

એન્જિનિયરિંગ કોલેજની હોસ્ટેલમાં છતનો એક ભાગ (સ્લેબ) પડવાથી એક વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયો છે. આ ઘટનાને લઈ કોલેજ પ્રશાસન અને સરકાર પર આક્ષેપ કર્યા કે, હોસ્ટેલની બિલ્ડિંગ લાંબા સમયથી જર્જરિત છે, છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આ ઘટના કાલે રાત્રે 9થી 10 વાગ્યાની આસપાસ બની હતી. મને એક વિદ્યાર્થીનો ફોન આવ્યો કે આવી ઘટના બની છે અને તમે અહીં તપાસ કરવા આવો. આ બિલ્ડિંગ અત્યંત જર્જરિત છે અને વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ છે.

કાતરીયા આશિષે વધુમાં જણાવ્યું હતું કે આ બિલ્ડિંગના રિનોવેશન માટે પ્રિન્સિપાલ કે રેક્ટરે યોગ્ય રજૂઆત કરી છે કે નહીં તે મીડિયા સમક્ષ સ્પષ્ટ કરવું જોઈએ. અગાઉ પણ અહીં વિદ્યાર્થીઓના આપઘાત, હુમલા કે અન્ય વિવાદો સમયે પ્રશાસને માત્ર બહાના જ કાઢ્યા છે. જો વિદ્યાર્થી સૂતો હોત અને સ્લેબ તેના મોઢા પર પડ્યો હોત, તો મોટી જાનહાનિ થઈ શકી હોત. હાલ તે વિદ્યાર્થી સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જો આગામી સમયમાં કોઈ યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો NSUI દ્વારા LD એન્જિનિયરિંગ કોલેજનો ઘેરાવો કરવામાં આવશે અને તાળાબંધીનો કાર્યક્રમ યોજાશે.

## સંક્ષીપ્ત સમાચાર

### ધો.10 CBSEના તુલીપ સ્કૂલના ટોપર્સની પ્રેરણાદાયી વાતો, અનેક સ્કૂલોમાં 100% પરિણામ

• અમદાવાદ

CBSEનું ધોરણ 10નું પરિણામ જાહેર થયું છે. દેશભરમાં 25 લાખ વિધાર્થીઓએ પરીક્ષા આપી હતી જ્યારે ગુજરાતમાં 50 હજારથી વધુ વિધાર્થીઓએ પરીક્ષા આપી હતી. અમદાવાદની પણ મોટાભાગની સ્કૂલોની 100 ટકા પરિણામ આવ્યું છે. બોપલના તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલમાં 25 વિધાર્થીઓએ 90 ટકાથી વધુ પરિણામ મેળવ્યું છે.કહાની પટેલ નામની વિદ્યાર્થીને જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષા માટે બહુ તૈયારી કરી હતી. સેમ્પલ પેપર, ટીચરે લીધેલી પરીક્ષા, ઘરે તૈયારી એમ તમામ પ્રકારની મહેનત બાદ આજે સ્કૂલમાં ટોપર થઈ છું. હવે હું PCM લઈને તેમાં પણ આગળ વધીશ.મૈત્રી નામની વિદ્યાર્થીનીએ જણાવ્યું હતું કે, ખૂબ જ અભ્યાસ કર્યો હતો. સ્કૂલ અને ટ્યુશનમાં વારંવાર પરીક્ષાઓ આપી હતી.બોર્ડના સેમ્પલ પેપર,સેલ્ફ સ્ટડી પર પૂરું ધ્યાન આપ્યું હતું.

### સગીરાના અપહરણ, દુષ્કર્મના ગુનામાં આરોપીને 20 વર્ષની કેદ:પીડિતાને 4 લાખનું વળતર ચૂકવવા ગાંધીનગર સ્પેશિયલ પોક્સો કોર્ટનો હુકમ



• ગાંધીનગર

ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટે અમદાવાદની ચાંદખેડાની 15 વર્ષીય સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપી કમલેશ ઉર્ફે કાળાભાઈ રબારીને 20 વર્ષની સખત કેદની સજા અને 23 હજારનો દંડ ભોગવવાનો હુકમ કર્યો છે. ઉપરાંત ભોગ બનનાર પીડિતાને ચાર લાખનું વળતર ચુકવવા પણ હુકમ કર્યો છે.આ કેસની વિગત મુજબ, અમદાવાદના સાબરમતી વિસ્તારમાં રહેતા કમલેશ કલાભાઈ ઉર્ફે કાળાભાઈ રબારીએ વર્ષ 2023માં 15 વર્ષની સગીરા સાથે મિત્રતા કેળવી તેને લગ્નની લાલચ આપી હતી. બાદમાં ગત 17 ડિસેમ્બર 2023ના રોજ આરોપી સગીરાને ભગાડીને ખેડબ્રહ્માના શ્યામનગર ખાતે માણેકનાથના મંદિર પાસે આવેલી એક અવાવરું જગ્યાએ લઈ ગયો હતો. જ્યાં આરોપીએ સગીરાની મરજી વિરુદ્ધ અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું.આ અંગે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ તપાસ પૂર્ણ કરી પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

#### પૂર્વ વિસ્તારમાં દારૂની રેલમછેલ

## નિકોલના ટેબલી ગામમાં બંધ મકાનમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો જપ્ત, માતા-પુત્રએ ઘરમાં સંતાડ્યો હતો



• અમદાવાદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને દારૂ સહિતની વસ્તુઓની હેરફેર થતી હોય છે ત્યારે પોલીસ કમિશનરની પીસીબીની ટીમે પૂર્વ વિસ્તારમાં નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. નિકોલ વિસ્તારમાં કઠવાડા નજીક આવેલા ટેબલી ગામમાં મકાનમાંથી 1231 વિદેશી દારૂની બોટલોનો જથ્થો ઝડપી પાડ્યો હતો. માતા અને પુત્રએ ભેગા મળી ગામના બંધ મકાનમાં વિદેશી દારૂનો જથ્થો લાવીને મૂકી રાખ્યો હતો અને અલગ અલગ વ્યક્તિઓને આપવાનો હતો. પોલીસે હાલ કઠવાડા ગામમાં રહેતી મહિલા અને તેના પુત્ર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

પીસીબી સ્ક્વોડના પીઆઈ જે.પી. જાડેજાની ટીમને બાતમી મળી હતી કે નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કઠવાડા નજીક આવેલા ટેબલી ગામમાં હનુમાનજી મંદિર નજીક એક બંધ મકાનમાં મોટી સંખ્યામાં વિદેશી દારૂની બોટલો મૂકી રાખવામાં આવેલી છે. જેના આધારે પોલીસે બાતમીવાળા મકાનમાં દરોડો પાડયો હતો. મકાનમાં અનિતાબેન ચુનારા (રહે. રાજીવનગરના કાચા છાપરા, કઠવાડા) નામની મહિલા હાજર મળી આવી હતી. પોલીસે ઘરમાં તપાસ કરતા અલગ-અલગ પુઠાના બોક્સ મળી આવ્યા હતા. જેમાં તપાસ કરતા વિદેશી દારૂની બોટલો અને બિયરનો જથ્થો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે અલગ અલગ બોક્સના પૂઠા ખોલી અને ગણતરી કરતા 1231 દારૂ અને બિયરની બોટલો રૂ. 5.22 લાખની હોવાનું સામે આવ્યું હતું. પોલીસે મહિલાની પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો તેના પુત્ર દિપક ઉર્ફે બાવો ચુનારાએ મંગાવ્યો છે અને દારૂનો જથ્થો દિપક તેના મિત્રો અને ખાનગી ગ્રાહકોને આપવાનો હતો હોવાનું જણાવ્યું હતું. પીસીબીની ટીમે અનિતાબેન અને તેના પુત્ર દિપક વિરુદ્ધ નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને દારૂનો જથ્થો કોને કોને આપવાનો હતો તેને લઈને પોલીસે તપાસ શરૂ કરી છે.

#### કોંગ્રેસના ઉમેદવારને ખરીદવાના પ્રયાસનો આક્ષેપ

## બીના મોદીને ભાજપના ઉમેદવારે 25થી 50 લાખ રૂપિયાની ઓફર કરી

• અમદાવાદ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારો પોતાની જીત માટે ફોર્મ ભરીને જોર-શોરથી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે ઉમેદવારી ફોર્મ પાછું ખેંચવા માટે થઈને ભાજપના ઉમેદવારો કોંગ્રેસના ઉમેદવારોને લાલચ આપી રહ્યા હોવાના આક્ષેપ લાગ્યા છે. અમદાવાદના રામોલ-હાથીજણ વોર્ડના ભાજપના ઉમેદવાર મૌલિક પટેલ દ્વારા ફોર્મ પાછું ખેંચી લેવા 25થી 50 લાખ રૂપિયા આપવા સુધીની ઓફર કરવામાં આવી હોવાનો આક્ષેપ કોંગ્રેસના ઉમેદવાર બિનાબેન મોદીએ કર્યો છે. જો કે ભાજપના ઉમેદવાર મૌલિક પટેલે દિવ્ય ભાસ્કરની વાતચીતમાં આ પ્રકારની કોઈ ઓફર ન કરી હોવાનો દાવો કર્યો છે.

કોંગ્રેસના મહિલા ઉમેદવાર બીનાબેન મોદીનું કહેવું છે કે, મેં જે દિવસથી કોંગ્રેસમાંથી ફોર્મ ભર્યું છે ત્યારથી સગા સંબંધીઓ અને મિત્રો મારફતે મને ફોર્મ પાછું ખેંચી લેવા માટે થઈ ઓફર આવી રહી છે. એક બે દિવસથી મારી ઉપર ફોન પણ આવી રહ્યા છે. જેમાં ભાજપના ઉમેદવાર મૌલિક પટેલ દ્વારા ફોન કરી 25થી 50 લાખ રૂપિયા આપવા સુધીની ઓફર કરવામાં આવી છે. પૈસાની ઓફર કરી અને મને ફોર્મ પાછું ખેંચી દેવા માટે કહ્યું છે. પરંતુ હું છેલ્લે સુધી ચૂંટણી લડીશ. અમે ચૂંટણી પ્રચારમાં હતા ત્યારે પણ અમારી ઉપર ફોન આવ્યા છે. સગા સંબંધીઓ મારફતે પણ કહેવડાવવામાં આવી રહ્યું છે પરંતુ અમે ચૂંટણી લડીશું.

બીનાબેન મોદીએ એક વિડીયો બનાવીને પણ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે. જેમાં તેમણે દાવો કર્યો કે અજાણ્યા નંબર ઉપરથી ફોન આવી રહ્યો છે. મેં જ્યારે તપાસ કરી તો ખબર પડી કે મૌલિક પટેલનો નંબર છે.

## ગાંધીનગર જિલ્લાની ૬૦૦થી વધુ શાળાઓમાં SVAP અંતર્ગત મતદાન જાગૃતિ સ્પર્ધાઓ યોજાઈ, ૩૫,૦૦૦ વિદ્યાર્થીઓ સહભાગી થયા



આગામી તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીઓમાં લોકશાહીનો પાયો મજબૂત કરવા અને મતદારોમાં જાગૃતિ લાવવા માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા SVAP (State Voters Awareness Programme) અમલમાં મૂકવામાં આવ્યો છે. આ અભિયાનના ભાગરૂપે આજે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજના દિવસે જિલ્લાની ૬૦૦થી વધુ શાળાઓમાં નિબંધ, વક્તૃત્વ અને સૂત્રલેખન (સ્લોગન) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં 'મારો મત, મારું ભવિષ્ય', 'લોકશાહીમાં મતદાનનું મહત્વ' અને 'ચૂંટણી પર્વ - દેશનો ગર્વ' જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ પોતાની મૌલિક અને પ્રભાવશાળી રજૂઆતો કરી હતી. નિબંધ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓએ મતદાન એ માત્ર અધિકાર નહીં પણ કર્તવ્ય છે તેવો સંદેશ પાઠવ્યો હતો, જ્યારે વક્તૃત્વ સ્પર્ધામાં ઓજસ્વી વાણીમાં વિદ્યાર્થીઓએ પોતાના વાલીઓ અને ગ્રામજનોને કોઈ પણ પ્રલોભન વગર અચૂક મતદાન કરવા અપીલ કરી હતી. સાથોસાથ 'બધા કામ છોડી દો, સૌથી પહેલા વોટ દો' અને 'તમારો મત, તમારી તાકાત' જેવા આકર્ષક સૂત્રો દ્વારા આખું વાતાવરણ ચૂંટણીમય બન્યું હતું.

આ આયોજનમાં ગ્રામ્ય અને શહેરી એમ બંને વિસ્તારોની શાળાઓમાં એકસમાન જોશ જોવા મળ્યો હતો અને અંદાજિત ૩૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## MLA સોટ્ટા સાથે સટાસટી, પોલીસ સાથે ઘર્ષણ:વડોદરામાં કોંગ્રેસને જીવતી રાખવા ઋત્વિજ જોષીએ જીવ રેડી દીધો

• અમદાવાદ

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પાલિકા અને પંચાયતની આશરે 10 હજાર બેઠકો પર આજે(15 એપ્રિલ) ફોર્મ ખેંચવાની સમય મર્યાદા પૂર્ણ થઈ ગઈ છે. જેમાં ખાસ કરીને કોંગ્રેસે પોતાના ઉમેદવારોને કોઈ 'ખેલ' કે પક્ષાંતરનો ભોગ બનતા અટકાવવા માટે ગુપ્ત સ્થળે ખસેડવાની વ્યૂહરચના અપનાવી હતી.

ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે રાજ્યભરમાં જબરદસ્ત રાજકીય ડ્રામા જોવા મળ્યો હતો. વડોદરામાં કોંગ્રેસના ઉમેદવાર ફોર્મ પાછું ખેંચવા આવતા કાર્યકરોએ ભારે હોબાળો મચાવ્યો હતો. આક્રોશિત કાર્યકરોએ ઉમેદવારની કારના કાચ પણ ફોડી નાખ્યા હતા.

ડભોઈ તાલુકા પંચાયતની ચૂંટણીના જંગમાં આજે રણમેદાન જેવો માહોલ સર્જાયો હતો. ફોર્મ ખેંચવાની પ્રક્રિયા દરમિયાન કોંગ્રેસ તાલુકા પ્રમુખ સુધીર બારોટ અને ભાજપના ધારાસભ્ય શૈલેષ મહેતા વચ્ચે બોલાચાલી બાદ ઝપાઝપીના દ્રશ્યો સામે આવ્યા હતા. આમ વડોદરા શહેર-જિલ્લામાં શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ સુધીર બારોટ સહિતના નેતાઓ અને કાર્યકરોએ કોંગ્રેસને જીવતી રાખવા પોતાનો જીવ રેડી દીધો હતો.સુરતમાં પણ ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા દરમિયાન કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ જોવા મળ્યું હતું. આ બધા વચ્ચે SOG કોંગ્રેસના ઉમેદવારને ઘરેથી ઉઠાવી ગઈ હતી.

કડી નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીએ વિજયનો શંખનાદ ફૂંકી ઈતિહાસ રચી દીધો છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના હોમટાઉન ગણાતા કડીમાં ભાજપે મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલા જ 2/3 બહુમતી પ્રાપ્ત કરી સત્તાના સૂત્રો હસ્તગત કરી લીધા છે. નીતિન પટેલે આ વિરાટ વિજય બદલ કડીની જનતા અને સમર્પિત કાર્યકરોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.કડી નગરપાલિકાની કુલ 36 બેઠકો પૈકી 28 બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ભાજપ સામે મેદાનમાં ઉતરેલા અન્ય બે ઉમેદવારોએ પણ પોતાના નામાંકન પાછા ખેંચી લેતા કેસરીયો માહોલ છવાઈ ગયો હતો.

## દહેગામના કડજોદરાના વકીલનું શંકાસ્પદ મોત થતા ભારે તંગદિલી, લાશ સ્વીકારવાનો પરિવારનો ઈનકાર

• ગાંધીનગર

દહેગામ તાલુકાના કડજોદરા ગામે યુવતીની છેડતી જેવી સંવેદનશીલ બાબતે આજે એક જ જ્ઞાતિના બે પરિવારો સામસામે આવી જતાં ગામમાં રણમેદાન જેવી સ્થિતિ સર્જાઈ હતી. લાકડીઓ અને પથ્થરમારા સાથે થયેલી આ હિંસક અથડામણમાં બંને પક્ષના છ જેટલા વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જોકે આ ઝઘડા બાદ વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારના મોભી ચંપુસિંહ વિહતસિંહ ઝાલાનું અચાનક નિધન થતાં સમગ્ર મામલાએ ગંભીર વળાંક લીધો છે. આ મામલે હાલમાં



રખિયાલ પોલીસે બંને પક્ષે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.દહેગામ તાલુકાના કડજોદરા ગામમાં યુવતીની છેડતી બાબતે બે જૂથ આમને સામને આવી ગયા હતા. આ અથડાણ દરમ્યાન વકીલ ચંપુસિંહ વિહતસિંહ ઝાલા નું શંકાસ્પદ મોત થયું છે . જેને લઈને મૃતક ચંપુસિંહના પરિવારે ગંભીર આક્ષેપ લગાવ્યો છે કે ઝઘડા દરમિયાન વિરોધી પક્ષ દ્વારા કરવામાં આવેલા ગડદાપાટુના મારના કારણે તેમનું મૃત્યુ થયું છે.આ ઘટનાની ગંભીરતાને જોતા રખિયાલ પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એલ. ગોયલ સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો કડજોદરા દોડી ગયો હતો. પોલીસે મૃતકની લાશને પેનલ ડોક્ટર દ્વારા પીએમ કરાવવા માટે દહેગામ સરકારી હોસ્પિટલ મોકલી આપી હતી.

#### વિકાસ, સુશાસન અને જનકલ્યાણના કાર્યોના આધારે જનતાના વિશ્વાસ સાથે ભાજપા ચૂંટણી પ્રચારમાં અગ્રેસર બની રહી છે - ડૉ. અનિલભાઈ પટેલ

## આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ખાતે ભાજપાની ચુંટણી પ્રચાર સામગ્રી અને સાહિત્યનું નિદર્શન કરાયું



• પ્રશાંત વાળા

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત ભાજપાની ચુંટણી પ્રચાર સામગ્રી અને સાહિત્યનું નિદર્શન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપાના મુખ્ય પ્રવકતા ડૉ. અનિલભાઈ પટેલે પત્રકાર પરિષદ સંબોધતા આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાતભરમાં જનતા તરફથી ભારતીય જનતા પાર્ટીને વિશાળ જનસમર્થન મળી રહ્યું છે. વિકાસ, સુશાસન અને જનકલ્યાણના કાર્યોના આધારે જનતાના વિશ્વાસ સાથે ભાજપા ચૂંટણી પ્રચારમાં અગ્રેસર બની રહી છે. જનસમર્થન ભાજપને, જનસમર્થન વિકાસને સૂત્ર જનતાના મૂડ પરથી ચરિતાર્થ થતું જોવા મળી રહ્યું છે.

તેમણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી ચુંટણી પ્રચાર પ્રસાર અંતર્ગત ડોર ટુ ડોર જનસંપર્ક, ડિજીટલ પ્રચાર તેમજ ગીત-સંગીત દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર તેમજ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકારની લોકહિતની અને વિકાસની કામગીરી તથા જનકલ્યાણકારી યોજનાઓની માહિતી નાગરિકો સુધી પહોંચાડતી હોય છે. કુલ ત્રણ તબક્કામાં ચાલનારું ભાજપાનું પ્રચાર અભિયાન હાલ બીજા તબક્કામાં છે, પ્રથમ તબક્કો ઉમેદવારી ફોર્મ ભર્યા પૂર્વે પૂર્ણ થયો અને ત્રીજો તબક્કો મતદાન સુધી પૂર્ણ થશે.

આ વખતે પણ વિવિધ પ્રકારની ચુંટણી પ્રચાર સામગ્રી ભારતીય જનતા પાર્ટી દ્વારા તૈયાર કરાઈ છે જેમાં પ્રચાર સાહિત્ય પત્રિકા, યોજનાઓ અને વિકાસકાર્યોની માહિતી સાથેના બેનર સાથે કમળના નિશાન સાથેની નાના બાળકો માટેની વસ્તુઓથી લઈને મોટી ઉંમરના વ્યક્તિઓ ઉપયોગમાં લઈ શકે તેવી વૈવિધ્યસભર સામગ્રી તૈયાર કરવામાં આવી છે. આ તમામ પ્રચાર પ્રસાર સાહિત્યને તમામ સ્થળોએ ભાજપાના પ્રચાર અભિયાનને વેગ આપવા માટે ઉપયોગમાં લેવાશે.

બુથ સ્તર સુધીની ભાજપાની મજબૂત સંગઠનશકિત સાથે ભાજપાનું ચૂંટણી અભિયાન પ્રભાવી રીતે ચાલી રહ્યું છે ત્યારે વિકાસકાર્યોના રિપોર્ટ કાર્ડના આધારે ગુજરાતની જનતા ફરી એક વખત ભાજપાને આશીર્વાદ આપશે તેવો ડૉ. અનિલભાઈ પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રેસવાર્તામાં ચુંટણી પ્રચાર પ્રસાર વિભાગના ઈન્ચાર્જશ્રી અતુલભાઈ ભાવસાર અને પ્રદેશ સહ પ્રવકતાશ્રી ઘનશ્યામભાઈ ગઢવી ઉપસ્થિત રહ્યાં હતાં.

## વિકસિત ભારત @ 2047 ધ્યેય હેઠળ વુમન લેડ ડેવલપમેન્ટ માટે અડગ સંકલ્પ સાથે આયોજિત સંમેલનને નારીશક્તિનો બહોળો પ્રતિસાદ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજાયું નારીશક્તિ વંદન સંમેલન

### પદ્મશ્રી રમીલાબેન ગામીત, ગાંધીનગરના મેયર, ધારાસભ્ય સહિત સમાજની અગ્રણી નારીશક્તિની પ્રેરક ઉપસ્થિતિ








મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલા 'નારી શક્તિ વંદન સંમેલન'ના અધ્યક્ષ સ્થાનેથી સ્પષ્ટ પણે જણાવ્યું કે, વિમેન લેડ ડેવલપમેન્ટ દ્વારા વિકસિત ભારત 2047નું નિર્માણ કરીને નારી શક્તિની સહભાગિતાનો નવો ઈતિહાસ વિધાનસભાથી લઈને સંસદ સુધી મહિલાઓની ૩૩ ટકા ભાગીદારીથી રચાય તે માટે આ બિલ સમયસર અમલમાં લાવવાની વડાપ્રધાનશ્રીની નેમ છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, નીતિ-નિર્ધારણની પ્રક્રિયામાં મહિલાઓની નિર્ણાયક ભૂમિકાથી શાસન વ્યવસ્થામાં વધુ સંવેદનશીલતા, પારદર્શિતા અને સંતુલન આવશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી 2023માં નારી શક્તિ વંદન અધિનિયમ પસાર 21મી સદીના ભારતના ઈતિહાસમાં આ વર્ષ સુવર્ણ અક્ષરે લખાયું છે. સંસદના બંને ગૃહોમાં પસાર થયેલો 'નારી શક્તિ વંદન અધિનિયમ' માત્ર મહિલા અનામતનો કાયદો નથી, પરંતુ રાજકીય ફલક પર ક્રાંતિ લાવનારો ઐતિહાસિક દસ્તાવેજ છે તેમ તેમણે ઉમેર્યુ હતુ.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નારી શક્તિ વંદન અધિનિયમ દ્વારા મહિલા સશક્તિકરણ ક્ષેત્રે મહત્વનું પગલું ભરવા જઈ રહ્યા છે. આ માટે સંસદનું વિશેષ સત્ર ત્રણ દિવસ માટે યોજાવાનું છે. ભારતીય સંસ્કૃતિમાં નારીને હંમેશા પૂજનીય સ્થાન આપવામાં આવ્યું છે અને આ અધિનિયમ તેને નવી ઊંચાઈઓ પર લઈ જશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગૌરવપૂર્વક કહ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાત હંમેશા મહિલાલક્ષી નીતિઓ અને નારી સશક્તિકરણનું પ્રણેતા રહ્યું છે. રાજ્યમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રમાં થયેલી ક્રાંતિની સફળતા પાછળ પરિશ્રમી બહેનોનો સિંહફાળો છે.

તેમની જ પ્રેરણાથી રાજ્યમાં એક દાયકા પહેલા જ પંચાયતી રાજ વ્યવસ્થામાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપીને સ્થાનિક સ્વરાજમાં નિર્ણાયક ભૂમિકા આપવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં મહિલાઓના સામાજિક-આર્થિક ઉત્થાન માટેની વિવિધ યોજનાઓની ભૂમિકા આપતા કહ્યું કે, લાખો બહેનોએ સખી મંડળો દ્વારા આત્મનિર્ભર બની માઈક્રો એન્ટરપ્રિન્યોર તરીકે પોતાની આગવી ઓળખ બનાવી છે. ગંભીર બીમારીઓ સામે PMJAYનું સુરક્ષા કવચ અને ઉજ્જવલા યોજના થકી ધુમાડા મુક્ત રસોડા જેવી અનેક મહિલાલક્ષી યોજનાઓએ તેમના સ્વાસ્થ્ય અને જીવનધોરણમાં સુધારો કર્યો છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે આશીર્વાદરૂપ આ PMJAY યોજનામાં સારવાર બાદ ઘરે જવા માટે પણ સરકાર રૂ. 300ની સહાય આપે છે. નમો ડ્રોન દીદી અને લખપતિ દીદી જેવી નવીન યોજનાઓ દ્વારા દેશની કરોડો બહેનોને આર્થિક સ્વાતંત્રતા અને ગૌરવપૂર્ણ જીવન મળ્યુ છે.

કેન્દ્ર સરકારની દરેક યોજનાના કેન્દ્રસ્થાને છેવાડાના માનવી અને નાના માણસોનું આત્મસન્માન રહેલું છે. કેન્દ્ર સરકારની ગરીબ કલ્યાણલક્ષી અનેક યોજનાઓના પરિણામે ૨૫ કરોડ જેટલા લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

'સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસ'ના મંત્ર સાથે વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણમાં નારી શક્તિ ખભેખભા મિલાવીને આગળ વધશે તેવો વિશ્વાસ આ તકે મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

નારી શકિતની દ્રઢતા અંગે મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, પરિવારમાં માતા, દીકરી કે પત્ની કોઈપણ ભૂમિકામાં નારી હંમેશા મક્કમતાથી ઉભી રહે છે. આ નારી શક્તિ વંદન અધિનિયમના પરિણામે હવે રાજ્ય અને દેશના વિકાસમાં યોગદાન આપતી થશે અને વિકસિત ભારત માટે 'વિકસિત ગુજરાત'નું લક્ષ્ય પણ સાકાર થશે.

નારીશકિત વંદન સંમેલનમાં પોતાના વિચારો રજૂ કરતા ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના વિકાસમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકાની સાથે આ વિકાસ યાત્રામાં મહિલાઓનું યોગદાન માર્ગદર્શક તરીકેનું છે. આજે રાજ્યમાં મહિલાઓ શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, સેવા, સ્ટાર્ટઅપ અને શાસન ક્ષેત્રમાં સક્રિય રીતે આગળ વધી રહી છે એટલું જ નહીં પણ તેઓ પોતાના વિકાસની સાથે સમગ્ર રાજ્યની પ્રગતિમાં સહભાગી બની છે. સ્વચ્છતા, આરોગ્ય, પાણી વ્યવસ્થાપન, શિક્ષણ અને સામાજિક વિકાસ જેવા ક્ષેત્રોમાં મહિલાઓએ ઉત્તમ કામગીરી કરી છે, ત્યારે આ પુષ્ઠભૂમિમાં નારીશક્તિ વંદન અધિનિયમ એક ઐતિહાસિક અને દિશાસૂચક પગલું છે. આ અધિનિયમ દ્વારા લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે.

આ અવસરે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે તેમણે કૃતજ્ઞતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેમના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ નારી શક્તિવંદન અધિનિયમ અમલમાં આવશે જે મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાં સમાન અને સશક્ત ભાગીદારી આપવાનો ઐતિહાસિક પ્રયાસ બનશે. આ કાયદો માત્ર સંખ્યામાં વધારો લાવવાનો નથી પરંતુ મહિલાઓના જીવનમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન લાવવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે.

આ પ્રસંગે પદ્મશ્રી વિજેતા શ્રીમતી રમીલાબેન ગામીતે જણાવ્યું હતું કે, જ્યારે મહિલાઓને યોગ્ય તક અને પ્રોત્સાહન મળે છે, ત્યારે તેઓ સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે. ગ્રામીણ પૃષ્ઠભૂમિ અને મર્યાદિત શિક્ષણ હોવા છતાં, તેમણે અત્યાર સુધીમાં ૧૬૨ જેટલા સ્વ-સહાય જૂથો કાર્યરત કર્યા છે. આ જૂથો દ્વારા બહેનોને કડિયાકામ, સિલાઈ, બ્યુટી પાર્લર અને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની તાલીમ આપીને આર્થિક રીતે સદ્ધર કરવામાં આવી રહી છે. આ ઉપરાંત તેમણે ગામડાઓમાં સ્વચ્છતા અભિયાન અને સુકન્યા સમૃદ્ધિ જેવી સરકારી યોજનાઓનો લાભ છેવાડાની મહિલાઓ સુધી પહોંચાડવા માટે ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે મહિલાઓના અધિકાર અને સન્માનના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસમાં નારીશક્તિની ભૂમિકા અનિવાર્ય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત હંમેશા શિક્ષણ, આરોગ્ય અને રોજગારી ક્ષેત્રે મહિલાઓને પ્રોત્સાહન આપવામાં અગ્રેસર રહ્યું છે. હાલમાં ગુજરાતમાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલાઓ મોટી સંખ્યામાં ઉમેદવારી કરી રહી છે, જે રાજ્ય માટે ગર્વની વાત છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ મહિલા સશક્તીકરણને વધુ વેગ મળશે અને મહિલાઓ રાજકીય ક્ષેત્રે પણ પોતાની પ્રતિભા સાબિત કરી રહી છે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

વધુમાં તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ અમલમાં આવેલા 'નારીશક્તિ વંદન અધિનિયન'ની પ્રશંસા કરતા કહ્યું કે, ૩૩ ટકા અનામત દ્વારા મહિલાઓને રાજકીય ભાગીદારીનો નવો માર્ગ મળ્યો છે. આ અધિનિયન માત્ર કાયદો નથી, પરંતુ સામાજિક પરિવર્તનનું એક શક્તિશાળી સાધન છે. 'સશક્ત નારી, સશક્ત સમાજ, સશક્ત રાષ્ટ્ર'ના સંકલ્પ સાથે તેમણે દરેક નારીને સ્વાભિમાની અને આત્મનિર્ભર બની રાષ્ટ્રના નિર્માણમાં સહયોગ આપવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે વુમન એમ્પાવરમેન્ટ અને ગ્લોબલ બિઝનેસ વિઝન પર ભાર મૂકતાં FICCI મહિલા વિંગ અમદાવાદના ચેરપર્સન શ્રી ઉષા જયસ્વાલે કહ્યું હતું કે, મહિલાઓ માટે વ્યવસાય માત્ર નફો કમાવવાનું સાધન નથી, પરંતુ મૂલ્ય નિર્માણ અને સમાજ સાથે જોડાવાનો માર્ગ છે. ભારતીય મહિલા ઉદ્યોગસાહસિકોમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવાની સંપૂર્ણ ક્ષમતા રહેલી છે. આજે મહિલાઓ માત્ર સહભાગી નથી, પરંતુ લીડર્સ અને ચેન્જ મેકર્સ બની છે.

આ કાર્યક્રમમાં BAOU ના વાઈસ ચાન્સેલર ડૉ. અમી ઉપાધ્યાય, ઉદ્યોગ સાહસિક શ્રી તૃપ્તિ જૈન અને પારૂ જયક્રિષ્ના સહિત મોટી સંખ્યામાં વિવિધ ક્ષેત્રની મહિલાઓ અને સખી મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### 'મમ્મી-પપ્પા હું હારી ગયો છું, મને માફ કરી દેજો': અમરોલીમાં સુસાઈડ નોટ લખી યુવકે ફાંસો ખાધો



• સુરત

સુરતમાં છેલ્લા 24 કલાકમાં આપઘાતના બે બનાવ સામે આવ્યા છે. જેમાં અમરોલી વ્રજ રેસીડેન્સીમાં રહેતા યુવકે લગ્ન થતા ના હોવાથી હતાશામાં આવી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકે મારતા પહેલા લખેલી સુસાઈડ નોટમાં હું જીવનથી કંટાળી ગયો છું. મારે જીવનમાં એક પણ રૂપિયાનું લેણું નથી અને મમ્મી-પપ્પા હું હારી ગયો છું. હું આ પગલું ભરી લઉં છું, મને માફ કરી દેજો સહિતનો ઉલ્લેખ કર્યો હતો. જ્યારે બોટાદના રહેવાસી અને હાલ વેડરોડ ખાતે રહેતા બીસીએના વિદ્યાર્થીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. યુવકે અભ્યાસના તણાવમાં આવી અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

મળતી માહિતી અનુસાર, મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા ગામના વતની અને હાલ અમરોલી છાપરાભાઠા ખાતે આવેલી વ્રજ રેસીડેન્સીમાં રહેતા 29 વર્ષીય સચિન રમેશભાઈ પીપલીયા હીરાના કારખાનામાં મશીન રીપેરીંગનું કામકાજ કરી માતા-પિતા સહિતના પરિવારનું ભરણપોષણ કરતો હતો. સાંજે સચિને ઘરમાં એકલતાનો લાભ ઉઠાવી પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

અમરોલી પોલીસે સચિને મારતા પહેલા લખેલી સુસાઈડ નોટ કબજે કરી હતી. જેમાં સચિને હું જીવનથી કંટાળી ગયો છું. મારે જીવનમાં એક પણ રૂપિયાનું લેણું નથી અને મમ્મી-પપ્પા હું હારી ગયો છું. હું આ પગલું ભરી લઉં છું, મને માફ કરી દેજો સહિતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એક પેજમાં ગુજરાતીમાં સુસાઈડ નોટ લખેલી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સચીને તેમના લગ્ન થતા ન હોવાથી હતાશામાં આવી આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

મળતી માહિતી અનુસાર, મૂળ બોટાદ જિલ્લાના સમઢીયાળા ગામના વતની અને હાલ વેડરોડ વિસ્તારમાં આવેલ ભગુનગર સોસાયટી વિભાગ-૧માં ૨૨ વર્ષીય શર્મિલ મુકેશભાઈ માંડવીયા પરિવાર સાથે રહેતો હતો. શર્મિલ બીસીએના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેમના પિતા વતનમાં ખેતી કામ કરે છે. બપોરે શર્મિલે ઘરે લોખંડના પાઈપ સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાને પગલે ચોકબજાર પોલીસ સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં શર્મિલએ અભ્યાસના તણાવમાં આવી અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

### મનપા વોર્ડ 11માં કોંગ્રેસના ઉમેદવારને ફોર્મ પરત ખેંચવા માટે દબાણ?

## કોંગ્રેસ પ્રમુખે કહ્યું, ઉમેદવાર સંપર્ક વિહોણા, અનેક ઉમેદવારોને ધાકધમકી મળી

• વડોદરા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવા માટેની અંતિમ તારીખ આજે 15 એપ્રિલ છે ત્યારે વિરોધી ઉમેદવારને ફોર્મ પરત ખેંચાવી બિનહરીફ થવા માટેના કાવાદાવા થઈ રહ્યા છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ 11ના ભાજપના ઉમેદવાર બિનહરીફ બને તે માટે કોંગ્રેસના ઉમેદવારને ધાકધમકી મળી હોવાની ચર્ચા છે. જો કે આ અંગે કોંગ્રેસના પ્રમુખે કહ્યું છે કે, અનેક ઉમેદવારોને ધાકધમકી મળી રહી છે અને અમે તેઓને સલામત ખસેડવાની તજવીજ કરી રહ્યા છે.

વોર્ડ 11માં ભાજપમાંથી ઉપેન્દ્ર પ્રજાપતિએ ઉમેદવારી નોંધાવી છે. ઉપેન્દ્ર પ્રજાપતિએ શહેરના ધનકુબેરો પૈકીના એક દલસુખ પ્રજપતિના પુત્ર છે. ગત ટર્મમાં તેઓના અન્ય પુત્ર કોર્પોરેટર હતા અને આ ચૂંટણીમાં તેઓના બીજા પુત્રને ટિકિટ આપવામાં આવી છે. તેની સામે કોંગ્રેસમાંથી કનુભાઈ પ્રજાપતિએ ઉમેદવારી નોંધાવી છે.




જોકે ઉપેન્દ્ર પ્રજાપતિ બિનહરીફ બને તે માટેના કાવાદાવાઓ કરવામાં આવી રહ્યાં છે. કનુભાઈ પ્રજાપતિ સવારથી જ પોતાના ઘરે નથી અને તેઓ ક્યાંક ગાયબ થઈ ગયા છે. તેઓના પરિવારજનોને પણ ખ્યાલ નથી કે તેઓ ક્યાં છે. તેના પરિવારજનો માત્ર એમ જ કહી રહ્યા છે કે તેઓ ચૂંટણી લડશે કે નહીં તે આવતીકાલે ખબર પડશે.

કોંગ્રેસના શહેર પ્રમુખ ઋત્વિજ જોષીએ આ સમગ્ર મામલે જણાવ્યું હતું કે, વોર્ડ 11ના અમારા ઉમેદવાર ગઈકાલ(14 એપ્રિલ) સવારથી અમારા સંપર્કમાં નથી. તેઓ સંપર્ક વિહોણા થઈ ગયા છે. અન્ય વોર્ડમાં પણ ઉમેદવારી પરત ખેંચવા ધાકધમકી મળી રહી છે જેઓને પણ અમે સલામત સ્થળે ખસેડવા માટેની તજવીજ કરી રહયા છે. આજે જ ખબર પડશે કે કનુભાઈ પ્રજાપતિ ક્યાં હતા અને તેઓ ચૂંટણી લડશે કે નહીં.

વોર્ડ 11માં ભાજપના ઉમેદવાર ઉપેન્દ્ર ઉર્ફે વિષ્ણુ પ્રજાપતિના પિતા દલસુખ પ્રજાપતિ આખાયે ગુજરાતમાં સૌથી વધુ જમીન ધરાવતા ધનકુબેર હોવાનું કહેવાય છે. અને તેના કારણે જ તેઓ શામ, દામ, દંડ, ભેદ જેવી નીતિઓ અપનાવી રહયા હોવાની પણ ચર્ચા છે. કોંગ્રેસના ઉમેદવાર પણ પ્રજાપતિ સમાજમાંથી જ આવે છે જેથી તેઓ ઉપર સમાજમાંથી પણ દબાણ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. જો કનુ પ્રજાપતિ ફોર્મ પરત ખેંચશે તો ઉપેન્દ્ર પ્રજાપતિ બિનહરીફ જાહેર થઈ જશે અને તેઓના વોર્ડમાં બાકીના 3 ઉમેદવારો જ ચૂંટણી જંગમાં ઝંપલાવશે.

## 'મહિલા ગુનાહિત માનસિકતા અને ઝનૂની સ્વભાવની, તેને દીકરીને મારી નાખી':સેશન્સ કોર્ટે માતાની જામીન અરજી ફગાવી

અમદાવાદના અમરાઈવાડી પોલીસ મથકે ચાલુ વર્ષે આરોપી મોનિકા મકવાણા સામે સઅપરાધ મનુષ્યવધનો ગુનો નોંધાયો છે. જે મુજબ તેની અઢી મહિનાની દીકરી જ્યારે માતા પાસે હતી ત્યારે પાણીની ટાંકીમાં પડી જવાથી તેનો મૃત્યુ નીપજ્યું હતું. દીકરીને બચાવવા માતાએ કોઈ કોશિશ કરી નહોતી. આ ઘટનામાં ફરિયાદી પોતે મૃતક દીકરીના પિતા અને આરોપીના પતિ છે.

ઉલ્લેખનીય છે કે ફરિયાદી એવા આરોપીના પતિએ પણ વકીલ રોકીને આરોપીને જામીન આપવા વિરુદ્ધ દલીલ કરી હતી કે, મહિલા ગુનાહિત માનસિકતા ધરાવે છે અને ઝનૂની સ્વભાવની છે. તેને જાણી જોઈને દીકરીને મારી નાખી છે. તેમજ જો તેને જામીન મળે તો મોટી દીકરીને પણ મારી નાખે તેમ છે.

મહિલાએ અમદાવાદ સીટી સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જેમાં જણાવ્યા મુજબ મહિલા જ્યારે પાણી ભરવા ગઈ ત્યારે તેનો પગ લપસ્યો હતો અને તેની અઢી મહિનાની દીકરી પાણીની ટાંકીમાં પડી ગઈ હતી. તેને બચાવવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ તે ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. તેને ડર લાગ્યો હતો તે ઘરમાં મોટો ઝઘડો થશે, આથી તેને પાણીની ટાંકી ઉપર તગારું મૂકીને ઢાંકી દીધી હતી. જેમાં દીકરીનું મૃત્યુ નિપજ્યું હતું.

અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે, મહિલા પોતે ડરી ગઈ હતી. આ એક અકસ્માત છે, તેને જાણી જોઈને તેને આવું કોઈ કૃત્ય કર્યું નથી. મહિલાને બીજી પુત્રી પણ છે, જે સાત વર્ષની છે. સામે સરકારી વકીલે દલીલ કરી હતી કે મહિલાએ પાણીની ટાંકીમાં પડેલી દીકરીને કાઢવા કોઈ પ્રયત્ન કર્યો નહોતો કે બચાવ માટે પણ કોઈની મદદ લીધી નહોતી.

કોર્ટે નોંધ્યું હતું કે, આરોપીએ પોતાની અઢી માસની દીકરીને બચાવવા કોઈ પ્રયત્ન કર્યો નથી કે તને કોઈ મદદ માગી નથી. એક માતા તરીકેનું આ વર્તન અમાનવીય છે. ત્યારે તેના જામીન નકારવામાં આવે છે.

**એક સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ** | **માતાએ પોતાના પ્રેમી સાથે દીકરીને કઢંગી હાલતમાં જોઈ**

## સગીરાના જન્મદિવસે પ્રથમવાર અને બાદમાં અનેકવાર દુષ્કર્મ આચર્યું : ફરિયાદ કરતા આરોપીનો ઝેરી દવા પી આપઘાત

• રાજકોટ

રાજકોટમાં વધુ એક સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. સગીર દીકરીની માતાના પ્રેમીએ જ સગીરાના જન્મદિવસે પ્રથમવાર અને બાદમાં અનેક વાર દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. સગીરા તેની માતા અને તેનો પ્રેમી સાથે જ રહેતા હતા. રાત્રિ દરમિયાન સગીરાની માતા સુઈ ગયા બાદ સગીરા સાથે શખસ દુષ્કર્મ આચરતો હતો. આ અંગેની પોલીસ ફરિયાદ થતા ડરના કારણે આરોપીએ ઝેરી દવા ગટગટાવીને ગઈકાલે 14 એપ્રિલની સાંજે આપઘાત કરી લીધો હતો.

ભોગ બનનાર સગીરાની માતા છેલ્લા થોડા વર્ષોથી શહેરમાં 25 વર્ષીય કાનો ઉર્ફે કરણ નામના શખસ સાથે લગ્ન કર્યા વગર રહેતી હતી. આ સમય દરમિયાન બંને વચ્ચે ઘરકંકાસ શરૂ થતા કાનો ઉર્ફે કરણ સગીરાની માતા સાથે મારકૂટ પણ કરતો હતો. આ પછી હવસખોર આરોપીની નજર પોતાની પ્રેમિકાની દીકરી પર પડી હતી.

ભોગ બનનાર 11 વર્ષની સગીરાની માતા છેલ્લા ત્રણેક આરોપી સાથે લગ્ન કર્યા વગર રહેતી હતી. આરોપી કરણના પત્ની સાથે છૂટાછેડા થઈ ચૂક્યા હતા. પ્રેમિકાની દીકરી સાથે આ નરાધમે માનવતાની તમામ હદો વટાવી દીધી હતી. તેણે સગીરાના જન્મદિવસે જ તકનો લાભ ઉઠાવીને પ્રથમવાર દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહીં બાળકીની માતા અને ભાઈને કેરોસીન છાંટી મારી નાખવાની ધમકી આપી હતી. જો કે ડરી ગયેલી સગીરાએ આ અંગે કોઈને વાત કરી ન હતી.

ત્યારબાદ આરોપીએ ફરી વખત સગીરાને ધમકી આપી હવસનો શિકાર બનાવી હતી અને વારંવાર ધમકી આપી દુષ્કર્મ આચરતો હતો. 9 એપ્રિલે સગીરા તેની માતા સાથે પલંગ પર સૂતી હતી. આ સમયે અચાનક સગીરાની માતાની ઊંઘ ઉડી હતી અને તેણે જોયું કે તેની દીકરી આરોપી કાના સાથે પલંગની નીચે સૂતેલી હતી અને આરોપી સગીરાની સાથે અડપલાં કરી રહ્યો હતો. માતાને શંકા જતાં તે તુરંત જ પોતાના સંતાનોને લઈને તેના બહેન-બનેવીના ઘરે રહેવા જતી રહી હતી.

સગીરાની માતાએ ઘરે ગયા બાદ તેની પૂછપરછ કરી હતી. જેમાં સગીરાએ નરાધમે તેની સાથે આચરેલા કૃત્યની આપવીતિ વર્ણવી હતી. સગીરાએ જણાવ્યું હતું કે આરોપીએ તેની સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યું છે. એટલું જ નહીં મુખમૈથુન પણ કરાવ્યું હતુ. આ સાંભળી માતા સ્તબ્ધ થઈ ગઈ હતી અને ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે યુનિવર્સીટી પોલીસ દ્વારા આરોપી કાનો ઉર્ફે કરણ ઘટાર વિરુધ્ધ BNS કલમ 64(2), 65(2), 115(2), 351(3) તથા પોક્સોની કલમ 4(2), 6(1), 8 મુજબ ગન નોંધી તપાસ શરૂ કરી હતી. ત્યારે હવસખોર આરોપીને પોલીસ પકડનો ડર લાગ્યો હતો.




Printed / Published / Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.
Published at I-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road, Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR.(GUJ) • Editor : ILEVAN H. THAKAR